RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 103* Date: 02.02.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કેન્દ્રીય બજેટથી ગરીબ અને ખેડૂત વર્ગને ફાયદો મળશે,

# મધ્યમ વર્ગને ટેક્સમાં મોટી રાહત મળી : મોદી

**બજેટમાં મોઘવારી સામે કોઇ રાહત નથી. બજેટથી તો ઉલ્ટાની મોઘવારી વધશેઃ વિરોધ પક્ષો**



નવીદિલ્હી,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાણામંત્રી નિર્મલા સીતારમણના બજેટને આશાનું બજેટ જણાવ્યું છે. તેમણે કહ્યું- એ ગરીબ, ખેડૂતો અને મધ્યમવર્ગની અપેક્ષાઓ પૂર્ણ કરશે. પરંપરાગત રીતે પોતાના હાથથી હથિયાર અને ટૂલ્સથી આકરી મહેનત કરી કોઈ ને કોઈ સર્જન કરનાર કરોડો વિશ્વકર્મા આ દેશના નિર્માતા છે.

તેમણે આગળ જણાવ્યું હતું કે લુહાર, સોની, મૂર્તિકારનું ખૂબ જ લાંબું લિસ્ટ છે. આ બધાની મહેનતથી દેશ આ બજેટમાં પહેલીવાર અનેક પ્રોત્સાહન યોજનાઓ લઈને આવ્યું. એવામાં લોકો માટે ટ્રેનિંગ, ટેક્નોલોજી સપોર્ટની વ્યવસ્થા કરી છે. ગામમાં રહેતી મહિલાઓનાં જીવનને સરળ બનાવવા માટે વીતેલાં વર્ષોમાં સરકારે અનેક પગલાં ભર્યાં છે. જળજીવન, પીએમ આવાસ યોજના હોય એવાં અનેક પગલાં ભર્યાં છે. મહિલા સેલ્ફ હેલ્થ ગ્રુપ સામર્થ્યવાન ક્ષેત્ર છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે મહિલાઓ માટે એક ખાસ બચત યોજના શરૂ કરવામાં આવી રહી છે. જનધન પછી આ ખાસ બચત યોજના સામાન્ય પરિવારની માતાઓ અને બહેનોને ખૂબ જ મોટી તાકાત આપશે. બજેટ સહકારી સંસ્થાઓને ગ્રામીણ અર્થતંત્રનું મુખ્ય કેન્દ્ર બનાવશે. સરકારે દુનિયાની સૌથી અન્ન ભંડાર યોજના બનાવી છે. નવી પ્રાઈમરી કૉપરેટિવ્સ બનાવવા માટે યોડનાનું એલાન થયું. તેનાથી ખેતી સાથે દૂધ અને માછલી ઉછેરનો વિસ્તાર થશે. ઉત્પાદની સારી કિંમત મળશે આજે દુનિયા ઈન્ટરનેશનલ મિલેટ યર ઊજવી રહી છે. આજે જ્યારે મિલેટ્સ ઘર-ઘરમાં પહોંચી રહ્યું છે, દુનિયામાં પોપ્યુલર થઈ રહ્યું છે. તેનો સાર્વધિક લાભ નાના ખેડૂતોને મળી રહ્યો છે. હાલ સુપર ફોરને ફી અન્નની નવી ઓળખ આપવામાં આવી છે. તેના પ્રોત્સાહન માટે યોજનાઓ બનાવવામાં આવી છે. દેશના નાના ખેડૂતો, આદિવાસી ખેડૂતોને બળ મળશે અને દેશવાસીઓને સ્વસ્થ જીવન મળશે. ગ્રીન ગ્રોથ, ગ્રીન ઈકોનોમી, ગ્રીન એનર્જી અને ગ્રીન જોબ્સને વિસ્તાર મળશે.

આ વખતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ૧૦ લાખ કરોડ રૂપિયાનું અભૂતપૂર્વ રોકાણ રોજગારના અવસર પેદા કરશે. અનેક લોકોને આવકના નવા અવસર મળી શકશે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સાથે ઉદ્યોગો માટે ક્રેડિટ સપોર્ટ અને રિફોર્મ અભિયાનને વધારવામાં આવ્યું છે.

વડાપ્રધાન મોદીએ બજેટ આવતાં પહેલાં મંગળવારે કહ્યું હતું કે કાલે કેન્દ્રીય બજેટ જાહેર કરનારાં નાણામંત્રી પણ એક મહિલા છે અને આપણા બજેટ પર માત્ર ભારત જ નહીં, આખી દુનિયાની નજર હોય છે. આ બજેટ અસ્થિર વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે પણ ઉજ્જવળ કિરણ સાબિત થશે. મને વિશ્વાસ છે કે નિર્મલા સીતારમણજી બધાની આશા પર ખરાં ઊતરશે.

દરમિયાન કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમનના ૨૦૨૩-૨૪ના બજેટને લઈને વિપક્ષોએ પ્રતિસાદ આપ્યો છે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ટ્વીટ કરીને કહ્યુ કે, ભાજપે તેના બજેટનો દશકો પુરો કર્યો છે. જેમા તેમને પહેલા કાંઈ આપ્યુ નથી તો હવે શુ આપે. તેમણે કહ્યુ કે ભાજપાનું બજેટ મોઘવારી અને બેરોજગારી વધારવાવાળુ છે. ખેડિતો, મજુરો, યુવાનો, મહિલા, નોકરીયાતો તેમજ વ્યાપારીઓ માટે આ કોઈ આશા નથી જોવા મળતી. માત્ર જોવા મળી છે તો નિરાશા. કારણ કે આ બજેટ માત્ર મોટા લોકો માટે લાભ આપવા માટે બન્યું છે. ફિલ્મ અભિનેતા અને ટીએમસીના સાસંદ શત્રુધ્ન સિંહા કહ્યુ કે આ બજેટમાં સામાન્ય લોકો માટે કોઈ ખાસ નથી. આ માત્ર ચૂંટણીલક્ષી બજેટ છે.

કોંગ્રેસમના સાસંદ કાર્તિ ચિદંબરમે કહ્યુ કે બજેટમાં એક મોટો હિસ્સો રાષ્ટ્રપતિના સંબોધન અને આર્થિક સર્વેશણના રિપોર્ટ અનુસાર ટેક્સમાં કોઈ પણ પ્રકારેની કાપ ન કરવા માટે સ્વાગત. લોકોના હાથમાં પૈસા આપવા અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે સૌથી સરળ માર્ગ છે.

જમ્મુ કાશ્મીરના પુર્વ મુખ્યમંત્રી ફારુક અબદુલ્લાએ બજેટ વિશે કહ્યુ કે બજેટમાં મધ્યમ વર્ગને મદદ આપવામાં આવી છે. દરેકને કાંઈકને કાંઈક તો આપ્યુ જ છે. દોઢ કલાક સુધી અમે બજેટ સાંભળ્યુ. હવે જ્યારે અમને મોકો મળશે ત્યારે અમે તેના પર વાત કરીશું.

બજેટ પર કોંગ્રેસના લોકસભાના નેતા અધીર ચૌધરીએ વાત કરતાં કહ્યુ કે આમા માત્ર શબ્દોની મારામારી છે બીજૂ કાઈ જ નથી.

આ બજેટ આમ લોકો માટે નથી. આ પહેલુ એવુ બજેટ છે જેમા ખેડુતો માટે કોઈ જ લાભ નથી. તેમજ મજુરો માટે પણ કાંઈ જ નથી. બસપાના નેતા માયાવતીએ પોતાના ટ્વીટમાં લખ્યુ છે કે, દેશમાં પહેલા આવતા તે મુજબ છેલ્લા ૯ વર્ષથી કેન્દ્ર સરકારના બજેટ આવતા રહે છે. જેમાં જાહેરાત કરવામાં આવે છ, વાયદાઓ કરવામાં આવે છે, આશાઓ બતાવવામાં આવે છે. પરંતુ આ બધુ બેમાની છે કેમ કે ભારતનો મધ્યમ વર્ગના લોકો, ગરીબી, બેરોજગારી વગેરેના કારણે તે વધુ ગરીબ બની ગયો છે. આ ખરેખર દુખદ છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરાવાલે તેમના ટ્વીટ કરતાં કહ્યુ હતુ કે, આ બજેટમાં મોઘવારી સામે કોઈ રાહત આપતુ બજેટ નથી. આ બજેટથી તો ઉલ્ટાની મોધવારી વધશે.

તેમજ બેરોજગારી દુર કરવાની પણ કોઈ ખાસ યોજના નથી. શિક્ષણનું બજેટ ઘટાડીને ૨.૬૪ ટકાથી ઘટાડી ૨.૫ ટકા કરવુ એ ખુબ દુર્ભાગ્યપુર્ણ કહેવાય. આ સાથે સ્વાસ્થય અંગેનુ બજેટ ઘટાડીને ૨.૨ ટકાથી ૧.૯૮ ટકા કરવુ તે ખરેખર નુકશાન કારક છે.

## કર્ણાટકની ચૂંટણીમાં ફરી ત્રિપાંખિયો જંગ? જેડીએસ વધારી રહી છે ભાજપ અને કોંગ્રેસની ચિંતા

નવીદિલ્હી, તા.૧

દક્ષિણ ભારતીય રાજ્ય કર્ણાટકની ચૂંટણી રસપ્રદ થવાના અણસાર છે તેનું કારણ ૨૦૦૪, ૨૦૦૮ અને ૨૦૧૮ ચૂંટણીના પરિણામો છે જ્યારે રાજ્યમાં ત્રિશંકુ વિધાનસભા હતી. હવે ૨૦૨૩માં આ પ્રકારની સ્થિતિ જોવા મળી છે અને સત્તાધારી ભાજપ અને કોંગ્રેસ બંને ત્રીજા પક્ષ જનતા (સેક્યુલર) ને રોકવાનો સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટી સમજે છે કે ૨૨૪ બેઠકો ધરાવતા કર્ણાટકમાં બહુમતિ મેળવવાનો એકમાત્ર રસ્તો જેડીએસની પ્રગતિને રોકવાનો છે. બંને મોટી પાર્ટીઓ રેલીઓ અને કાર્યક્રમોમાં જેડીએસ વિરૂદ્ધ પ્રચાર કરી રહી છે. ત્યારે જેડીએસ પણ ખુલ્લેઆમ પલટવાર કરી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બેલગાવીમાં એક ચૂંટણી રેલી દરમિયાન પ્રદેશમાં ભાજપની બેઠકો વધારવાની વાત કરી હતી. વર્ષ ૨૦૦૪, ૨૦૦૮ અને ૨૦૧૮માં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી પરંતુ બહુમતીનો આંકડો પ્રાપ્ત કરી શકી નહોતી. પરિણામે પાર્ટીને ૨૦૦૬માં જેડીએસ સાથે જવું પડ્યું અને ૨૦૦૮ તથા ૨૦૧૮માં પક્ષપલટા દ્વારા સત્તામાં આવી હતી.

શાહે કહ્યું હતું કે, 'એક બાજુ એવી પાર્ટી છે જે ૨૫થી ૩૦ બેઠકો જીતીને કોંગ્રેસ સાથે સરકાર ચલાવવા માંગે છે અને કર્ણાટકની જનતાનું અપમાન કરનારી વંશવાદની રાજનીતિ ચલાવવા માંગે છે.'

તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ અને જેડીએસ બંને પાર્ટી તરીકે જોવા મળી રહ્યા છે પરંતુ હું કર્ણાટકના લોકોને કહેવા માંગુ છું કે જેડીએસને આપવામાં આવેલ દરેક વોટ કોંગ્રેસના ખાતામાં જશે. તે માત્ર કોંગ્રેસને જ જીતવામાં મદદ કરશે.'

માંડ્યા પ્રદેશમાં પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે, ગત વખતે આ પ્રદેશની ૭ બેઠકોમાંથી અમને એક પણ બેઠક આપી નહોતી જેડીએસએ તમામ બેઠકો પર જીત મેળવી હતી. આ વખતે એવું ન થવું જોઈએ. શું તમે આવું ફરીથી કરશો? તમારે અમને માંડ્યામાં ૫-૬ સીટો આપવી પડશે. કોંગ્રેસના દિગ્ગજ નેતાના નિવેદનને વોક્કાગિલા સમુદાયનો ગઢ માનવામાં આવે છે, જે ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવગૌડાનું સમર્થન કરે છે

રાજયના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમાર સ્વામીએ કોંગ્રેસ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'તેઓ કહી રહ્યા છે કે જેડીએસ સત્તામાં નહીં આવે અને તેથી લોકોએ અમને મત ન આપવા જોઈએ. જૂથવાદ કોંગ્રેસને સત્તામાં નહીં આવવા દેશે નહીં. તેમના નેતા એકબીજાની આંખોમાં નથી જોઈ શકતા. તેમની પાસે પોતાની પાર્ટી પર નિયંત્રણની તાકાત નથી અને તેઓ મારી પાર્ટી મારા વિશે વાત કરી રહ્યા છે.'

## કાશ્મીરઃ ગુલમર્ગમાં ભીષણ હિમસ્ખલન, કેટલાંય લોકો ફસાયાની આશંકા

શ્રીનગર,તા.૧

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં 'ગુલમર્ગ સ્કીઈંગ રિસોર્ટ'ના ઊંચાઇવાળા વિસ્તારમાં બુધવારના રોજ એક ભીષણ હિમસ્ખલન થયું છે.અધિકારીઓએ આ માહિતી માહિતી છે. બારામુલ્લા જિલ્લા પોલીસના એક પ્રવકતાએ ટ્વિટ કરી કે હિમસ્ખલન ગુલમર્ગમાં એક પ્રસિદ્ધ સ્કી રિસોર્ટમાં થયું છે. બારામુલ્લા પોલીસે અન્ય એજન્સીઓ સાથે મળીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. કેટલાંક લોકો ફસાયાની આશંકા છે. હિમસ્ખલન ગુલમર્ગમાં પ્રસિદ્ધ સ્કી રિસોર્ટમાં અફરવાત ચોટી 'હપથ ખડ'થી ટકરાયું.

અધિકારીઓના મતે બે લોકોના મૃતદેહ બરફની નીચેથી નીકળ્યા છે. જ્યારે ઉત્તર કાશ્મીરાન બારામુલ્લા જિલ્લાના પ્રસિદ્ધ ગુલમર્ગમાં અફારવાટની ટોચ પર ભારે હિમસ્ખલન બાદ ચાર અન્ય લોકોને બચાવ્યા. તેમણે કહ્યું કે મૃતકની ઓળખ કરવામાં આવી રહી છે.કાશ્મીરમાં હિમવર્ષાના કારણે ગઈકાલે જનજીવન અસ્તવ્યસ્થ થયા પડ્યા બાદ મંગળવારે વિમાની સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે મંગળવારે હવામાન ચોખ્ખુ થયા બાદ ખીણમાં હવાઈ સર્વિસીસ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. હવામાન શુષ્ક રહ્યું અને વિઝિબિલિટીમાં સુધારો થયા પછી ફ્લાઈંગ ફરી શરૂ થઈ. સવારથી જ સૂરજ બહાર આવી ગયો હતો. જેના કારણે બરફ પીગળી ગયો અને આ ઘટના બની.જો કે, ઘણી જગ્યાએ હિમવર્ષા અને ભૂસ્ખલનને કારણે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે હજુ પણ બંધ છે. તેમણે કહ્યું કે સોમવારે, કાશ્મીરમાં ચિલ્લાઇ-કલાનના ૪૦ દિવસના સમયગાળાના છેલ્લા દિવસે, મધ્યમથી ભારે હિમવર્ષાને કારણે, દૈનિક જીવન ખોરવાઈ ગયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે સમગ્ર ઘાટીમાં મોડી સાંજ સુધી હિમવર્ષા ચાલુ રહી હતી. તે જ સમયે, ઊંચાઈવાળા વિસ્તારો સહિત કેટલાક વિસ્તારોમાં રાત્રે બરફવર્ષા થઈ હતી.

## 'અમે આતંકનું બીજ વાવ્યું':મસ્જિદ હુમલા પર આસિફ બોલ્યા- 'હવે દેશને સુધરવાની જરૂર, ભારતમાં આવાં હુમલા નથી થતા'

ઈસ્લામાબાદ,તા.૧

પેશાવરના મસ્જિદમાં થયેલા બ્લાસ્ટને લઈ પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે, આ પ્રકારે શ્રદ્ધાળુઓ પર હુમલો તો ભારતમાં પણ નથી થતો. ૩૦ જાન્યુઆરીએ પેશાવરની પોલીસ લાઈનની મસ્જિદમાં ધમાકો થયો હતો. જેમાં ૧૦૦ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૨૨૧ લોકો ઘાયલ થયા હતા.પાકિસ્તાન નેશનલ એસેમ્બલીમાં રક્ષા મંત્રી ખ્વાજા આસિફે કહ્યું- ભારત કે ઈઝરાઈલમાં નમાઝ દરમિયાન નમાઝીઓ પર હુમલો નથી થયો, પરંતુ પાકિસ્તાનમાં નમાઝીઓ વચ્ચે બેસેલા એક હુમલાખોરે ખુદને ઉડાવી દીધો. 'ડોન'ના રિપોર્ટ મુજબ, મંત્રી આસિફે કહ્યું- અમે આતંકવાદનું બીજ વાવ્યું છે. તેની સામે સાથે મળીને લડવું પડશે. હવે સમય આવી ગયો છે કે પાકિસ્તાન સુધરી જાય.

પાકિસ્તાની મીડિયા જિયો ન્યૂઝ મુજબ, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન( )એ હુમલાની જવાબદારી લીધી હતી. પેશાવર ખેબર પખ્તૂનખ્વા રાજ્યનું પાટનગર છે. આ વિસ્તારમાં ટીટીપીની મજબૂત પકડ છે અને તાજેતરમાં આ સંગઠને હુમલાની ધમકી આપી હતી.૩૧ જાન્યુઆરીએ ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ હુમલાના પીડિતોના પરિવારો પ્રતિ શોક વ્યક્ત કર્યો હતો. બાગચીએ મંગળવારે ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું- ભારત પેશાવરમાં થયેલા આત્મઘાતી હુમલાની ઘણી નિંદા કરી હતી.

ટીટીપીને લઈ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘણો ખતરનાક બની રહ્યો છે. બન્ને દેશ વચ્ચે ડૂરન્ડ લાઈન પર તમામ એન્ટ્રી અને એગ્ઝિટ પોઈન્ટ બંધ કરી દેવાયા છે. હાલાત એવા છે કે, બે મહિનામાં બંને દેશ વચ્ચે ફાયરિંગમાં લગભગ ૧૬ પાકિસ્તાની સૈનિક માર્યા ગયા છે.

પાકિસ્તાન સરકાર હુમલાને લઈ ટીટીપીને જવાબદાર ગણાવે છે. રાણા સનાઉલ્લાહની ધમકીના જવાબમાં તાલિબાનના સીનિયર લીડર અને ઉપ-વડાપ્રધાન અહેમદ યાસિરે સોશિયલ મીડિયા પર એક ફોટો શેર કર્યો હતો.

## પાકિસ્તાનના ગૃહ પ્રધાને કબૂલ્યું કે મુજાહિદ્દીનને યુદ્ધ માટે તૈયાર કરવું એ મોટી ભૂલ હતી

ઈસ્લામાબાદ,તા.૧

પેશાવર મસ્જિદ આત્મઘાતી હુમલા બાદ હવે પાકિસ્તાનને પોતાની હરકતો પર પસ્તાવો થઈ રહ્યો છે. પાકિસ્તાનના ગૃહ પ્રધાન રાણા સનાઉલ્લાહે નેશનલ એસેમ્બલીમાં સ્વીકાર્યું હતું કે મુઝાહિદ્દીનને યુદ્ધ માટે તૈયાર કરવું એ એક મોટી ભૂલ હતી. સંસદના ઉપલા ગૃહને સંબોધિત કરતા સનાઉલ્લાહે કહ્યું,

'અમારે મુજાહિદ્દીનને તૈયાર કરવાની જરૂર નહોતી. અમે મુજાહિદ્દીનની રચના કરી અને પછી તેઓ આતંકવાદી બન્યા. '

આ પહેલા પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે નેશનલ એસેમ્બલીમાં બોલતા કહ્યું હતું કે, દેશની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ આતંકીઓ વિરુદ્ધ ઓપરેશન પર નિર્ણય લેશે.

ગૃહ પ્રધાને એવો પણ દાવો કર્યો હતો કે પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની સરકારે પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અથવા પાકિસ્તાની તાલિબાન આતંકવાદીઓને મુક્ત કર્યા હતા, જેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

પાકિસ્તાનના ગૃહ પ્રધાન સનાઉલ્લાહનું આ નિવેદન પેશાવરમાં ૩૦ જાન્યુઆરીએ થયેલા મસ્જિદ હુમલા પછી આવ્યું છે, જેમાં ૧૦૦ લોકો માર્યા ગયા હતા અને ૨૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. બપોરની નમાજ દરમિયાન મસ્જિદના સેન્ટ્રલ હોલમાં એક આત્મઘાતી હુમલાખોરે પોતાની જાતને ઉડાવી દીધી હતી.


પ્રતિબંધિત ટીટીપીએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. પાકિસ્તાનના ગૃહ પ્રધાને એ માન્યતાનો સ્વીકાર કર્યો હતો કે ટીટીપી અફઘાન-પાકિસ્તાન સરહદ પર કાર્યરત વિવિધ ઈસ્લામિક સશસ્ત્ર આતંકવાદી જૂથોનું પ્રબળ જૂથ છે.

તેમણે કહ્યું કે, આ વિચારવું ખોટું છે કે આતંકવાદીઓ હથિયાર હેઠા મૂકી કાયદા સામે ઝૂકી જશે.

## નાણામંત્રીનું છેલ્લા પાંચ વર્ષનું સૌથી ટૂંકું ભાષણઃ ૮૭ મિનિટમાં આટોપી લેવાયું

નવીદિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં તેઓ શું શું જાહેરાત કરશે તેને લઈને દેશ આખો મીટ માંડીને બેઠો હતો. બીજી બાજુ નાણામંત્રી સળંગ પાંચમી વખત બજેટ રજૂ કર્યું હતું. આ સાથે જ તેમણે પાછલા ચાર વર્ષનું સૌથી ટૂંકું બજેટ ભાષણ આ વખતે આપ્યું હતું.



તેમણે આ વખતનું બજેટ માત્ર ૮૭ મિનિટની અંદર પૂર્ણ કર્યું હતું. નાણામંત્રીએ સૌથી પહેલું બજેટભાષણ ૨૦૧૯માં આપ્યું હતું જે ૧૨૮ મિનિટનું રહ્યું હતું. આ પછી ૨૦૨૦માં તેમણે ૧૫૯ મિનિટ સુધી બજેટ ભાષણ આપ્યું હતું જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ત્યારબાદ ૨૦૨૧માં તેઓ ૧૦૦ મિનિટ સુધી બોલ્યા હતા તો ૨૦૨૨માં તેમણે ૯૧ મિનિટની અંદર બજેટ ભાષણ આટોપી લીધું હતું ત્યારે આ વર્ષે તેમાં પણ ચાર મિનિટનો ઘટાડો કરીને તેમણે ૮૭ મિનિટમાં જ પોતાનું બજેટ પૂર્ણ કરી બતાવ્યું હતું જે પાછલા પાંચ વર્ષનું સૌથી ટુંકુ છે.

અંદાજપત્ર સત્રમાં આજે વિપક્ષે ભારત જોડોના નારા લગાવ્યા હતા. નાણામંત્રીએ બજેટ રજૂ કરવા સાથે પ્રવચન શરૂ કર્યુ હતું. તેમાં વચ્ચે વિપક્ષી સાંસદોએ ભારત જોડોના નારા લગાવી સરકારનું ધ્યાન દોરવા પ્રયાસ કર્યો હતો.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટ ભાષણ પૂર્ણ કર્યું કે તુરંત જ સંસદમાં મોદી...મોદી...ના નારા ગુંજવાનું શરૂ થઈ ગયું હતું. દરમિયાન નાણામંત્રી જ્યારે બજેટ વાંચી રહ્યા હતા ત્યારે તેમનાથી એક ભૂલ થઈ ગઈ હતી જેના કારણે આખી સંસદમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું અને ખુદ નાણામંત્રી પણ પોતાનું હસવું રોકી શક્યા નહોતા. તેમણે બજેટમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ઉપર જોર આપ્યું હતું.

સ્ક્રેપિંગ પોલિસીમાં ઈન્સેન્ટીવનું એલાન કરતી વખતે નાણામંત્રી બોલી ગયા કે તમામ વાહનોને હટાવી નાખવામાં આવશે જે સાંભળી બધા હસી પડ્યા હતા. નાણામંત્રી જ્યારે પ્રદૂષણ ઓકતા વાહનોને હટાવવાની વાત કરી રહ્યા હતા ત્યારે ભૂલથી તેઓ તમામ વાહનો બોલી ગયા હતા જેને તેમણે તુરંત સુધારી લીધી હતી.

## તંત્રી સ્થાનેથી...

### પ્રધાનમંત્રી રાહત ફંડ એ કોઇ પબ્લિક ઓથોરિટી નથીઃ આરટીઆઇ તેને લાગુ પડતી નથી

*કટોકટીની પરિસ્થિતિઓમાં નાગરિક સહાયતા અને રાહત માટે સ્થપાયેલ વડાપ્રધાન ફંડ (પીએમ કેર્સ) એ 'પબ્લિક ઓથોરિટી' નથી. માહિતી અધિકાર અધિનિયમ (આરટીઆઈ)માં પબ્લિક ઓથોરિટીની વ્યાખ્યા કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે મંગળવારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે આરટીઆઈ અધિનિયમમાં પબ્લિક ટ્રસ્ટી આરટીઆઈ હેઠળ આવે તેવી વ્યાખ્યા કરવામાં આવી છે. પરંતુ પીએમ કેર્સ આવુ કોઈ પબ્લિક ટ્રર્સ્ટ નથી તેથી આરટીઆઈની જોગવાઈ હેઠળ આવતું નથી*

*કોર્ટમાં સબમિટ કરાયેલ વિગતવાર એફિડેવિટમાં, કેન્દ્રએ જણાવ્યું હતું કે, 'પીએમ કેર્સ ફંડ ભારતના બંધારણ અથવા સંસદ અથવા રાજ્ય વિધાનસભા દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદા હેઠળ બનાવવામાં આવ્યું નથી.તે જણાવે છે કે, 'આ ટ્રસ્ટ ન તો હેતુસર છે કે ન તો તેની માલિકીની, નિયંત્રિત અથવા નોંધપાત્ર રીતે કોઈપણ સરકાર દ્વારા ધિરાણ કરવામાં આવે છે અને ન તો તે સરકારનું સાધન છે. કેન્દ્ર સરકાર અથવા કોઈપણ રાજ્ય સરકારનું ટ્રસ્ટની કામગીરીમાં પ્રત્યક્ષ કે આડકતરી રીતે કોઈ નિયંત્રણ નથી.*

*કોર્ટ પીએમ કેર્સ ફંડને તેના કામકાજમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા બંધારણ હેઠળ 'રાજ્ય' તરીકે જાહેર કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી. હાઈકોર્ટ ચીફ જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની ડિવિઝન બેન્ચે જુલાઈમાં કેન્દ્ર દ્વારા દાખલ કરવામાં આવેલા એક પાનાના જવાબ પર નારાજગી વ્યક્ત કરી હતી, જેના પગલે સરકારે આ મામલે વિગતવાર જવાબ રજૂ કર્યો હતો.*

*સોગંદનામું જણાવે છે કે 'માહિતી જાહેર હોદ્દેદારોના બનેલા ટ્રસ્ટી મંડળની રચના માત્ર વહીવટી સગવડ અને ટ્રસ્ટીશીપના સરળ ઉત્તરાધિકાર માટે છે.' પીએમ કેર્સ ના ટ્રસ્ટી મંડળમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અને કેન્દ્રીય નાણા પ્રધાન સાથે ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટા, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ કેટી થોમસ અને ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર કારિયા મુંડાનો સમાવેશ થાય છે.*

*અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ શ્યામ દિવાને દલીલ કરી હતી કે 'ઉપરાષ્ટ્રપતિ જેવા સરકારના ઉચ્ચ પદાઅધિકારીઓએ રાજ્યસભાના સભ્યોને સ્વૈચ્છિક દાન આપવા વિનંતી કરી હતી' અને 'પીએમ કેર્સ ફંડને સરકારી ફંડ તરીકે રજૂ કરવામાં આવ્યું છે.' જ્યારે એફિડેવિટમાં પીએમકેર્સ ફંડનો ઉલ્લેખ 'જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ' તરીકે કરવામાં આવ્યો છે જે ફક્ત 'સ્વૈચ્છિક દાન' સ્વીકારે છે અને આ 'કેન્દ્ર સરકારનું કાર્ય નથી,' જવાબમાં જણાવ્યું હતું કે, 'સરકાર વતી પીએમ કેર્સ ફંડને. પૈસા કે નાણા મળ્યા નથી.'*

*સરકારે કહ્યું, 'પીએમ કેર્સ રાષ્ટ્રીય પ્રતીક અને ડોમેન નામ હોલ્પ જીવીઓડોટ ઈનનો ઉપયોગ કરે છે. કારણ કે વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળ (પીએમએનઆરએફ) દ્વારા ઉપયોગમાં લેવાય છે. પીએમ કેર્સ ફંડનું સંચાલન પીએમએનઆરએફની તર્જ પર કરવામાં આવે છે, કારણ કે બંનેનું નેતૃત્વ વડાપ્રધાન કરે છે.' હાઈકોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાના કાર્યાલયને સરકારના કેસમાં દલીલ કરવા માટે તેમની ઉપલબ્ધતા વિશે કોર્ટને જાણ કરવા જણાવ્યું છે. પીએમ કેર્સ ફંડની રચના ૧ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ કરવામાં આવી હતી, જેમાં કોવિડ-૧૯ ફાટી નીકળવા જેવી કટોકટીની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સખાવતી યોગદાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે કંપનીઓ દ્વારા પીએમ કેર્સ ફંડમાં ફાળો ફરજિયાત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ખર્ચમાં ગણવામાં આવશે.*

## ધનલોભી માનવબિલ્લીને ગળે ઘંટ કોણ બાંધશે???

"રાજુ. તને કોઇ કારણસર ઉલ્ટી થાય તો તેને વેચતા શું મળે?" મેં રાજુને પૂછ્યું.

"ગિરધરભાઇ.તમારી તબિયત બગડી છે કે શું"આમ કહીને મારા કપાળ પર હાથ મુકી ટેમ્પરેચર છે કે કેમ તેની ખાતરી કરી. મારું શરીર નોર્મલ જણાયું.

" રાજુ.મારી તબિયતને પાણા- પથ્થર નથી પડયા. મારા સવાલનો જવાબ આપ" મેં ફરી સવાલ દોહરાવ્યો.

" ગિરધરભાઇ. ઉલ્ટીના કંકોડા મળે! ફરસ પર ઉલ્ટી થઇ હોય તો તાત્કાલિક સાફ કરવી પડે. નહીંતર ચિતરી ચડે. જુગુપ્સા થાય. ઉલ્ટીને પડીકે બાંધી મોલ, દુકાન કે એમેઝોન કે ફલિપ કાર્ટ પર ઓનલાઇન સેલિંગ થોડું થાય?" રાજુએ નાકનું ટીચકું ચડાવી જવાબ આપ્યો.

"રાજુ. સો ગ્રામના વાળમા રૂપિયા પાંચસોથી ત્રણ હજાર રૂપિયા આપનારા ભેજાબાજો સેકટરમાં આજકાલ બિલાડીના ટોપની માફક ઉગી નીકળ્યા છે!! મળ મૂત્ર અને ગર્ભનાળ દવા માટે વેચાય છે. કાલે ઉલ્ટી પણ વેચાય!!" મે રાજુને કહ્યું.

" ગિરધરભાઇ . તમે ડીપ ફ્રિજમાં ઉલ્ટી સ્ટોર કરી મિલિયોનર બની જજો!!" રાજુએ મારી લાંઠી ઉડાવી.

"રાજુ. સામાન્ય રીતે ઉલટી શબ્દ સાંભળીને બધાના મોં બગડી જતા હોય છે!

'સ્પર્મ વ્હેલ 'એ દંતશૂળ ધરાવતું ધરતી પરનું સૌથી મોટું પ્રાણી છે. તેનાથી નાની 'પિગ્મી સ્પર્મ વ્હેલ ' તથા એથી પણ નાની 'ડ્વાર્ફ સ્પર્મ વ્હેલ ' હોય છે.અગાઉ એવું માનવામાં આવતું કે સ્પર્મ વહેલના માથામાં સ્પર્માસિટી નામનું અંગ આવેલું હોય છે, જેની અંદર તેલ ભરેલું હોય છે. એવું પણ માનવામાં આવતું હતું કે તે વહેલ માછલીનું વીર્ય છે એટલે તેને 'સ્પર્મ વ્હેલ ' એવું નામ મળ્યું. વાસ્તવમાં આ અંગ સ્પર્મ વહેલ માટે 'સોનાર'નું કામ કરે છે.વ્હેલ માછલીની ઉલટી અમ્બરગ્રિસ તરીકે પણ ઓળખાય છે. અમ્બરગ્રિસ સ્પર્મ વ્હેલ તરીકે ઓળખાતી વ્હેલ માછલીના આંતરડામાં બને છે. જ્યારે કોઈ સ્પર્મ વ્હેલ કટલફિશ કે ઑક્ટોપસ કે અન્ય કોઈ દરિયાઈજીવનો શિકાર કરે, ત્યારે તેના ધારદાર અંગ કે દાંતને વહેલના શરીરને નુકસાન ન પહોંચાડે તે માટે તેના શરીરની પાચનવ્યવસ્થામાં વિશેષ પ્રકારના સ્રાવ ઝરે છે, જેની મદદથી પાચનક્રિયા થાય છે.બાદમાં બિનજરૂરી પદાર્થોને સ્પર્મ વ્હેલ મોં વાટે શરીરમાંથી કાઢીને ફેંકી દે છે. કેટલાક સંશોધકોના મતે સ્પર્મ વ્હેલ મળ વાટે પણ અંબરગ્રીસનો નિકાલ કરે છે.કેટલીક વખત અંબરગ્રીસમાંથી શિકારના ધારદાર અંગ પણ મળી આવે છે. વ્હેલે ત્યજી દીધેલો ભાગ દરિયાની સપાટી ઉપર તરે છે. સૂર્યપ્રકાશ અને ખારાશવાળું પાણી મળીને તેને અંબરગ્રીસનું સ્વરૂપ આપે છે,ક્યારેક

વ્હેલ માછલી ઉલ્ટી કરીને તે બહાર કાઢી નાંખે છે. કેટલીક વખત સમુદ્રમાં આ પદાર્થ સપાટી પર તરતો મળી જાય છે. ક્યારેક આ પદાર્થ મેળવવા માટે વહેલનો શિકાર પણ કરાતો હોય છે. જેના કારણે તેને તરતા સોના તરીકે પણ ઓળખવામાં આવે છે.

અંબરગ્રીસ કાળા, ભૂરા ,સફેદ અથવા ગ્રે કલરનું અને તૈલી હોય છે. તે અંડાકાર કે ગોળાકાર હોય છે. દરિયાઈ પાણીમાં સફર ખેડીને તે આવો આકાર ધારણ કરે છે.સળગાવવામાં આવે તો તે સળગી ઉઠે છે. તેના ઉપયોગ માટે આલ્કોહોલ કે ઈથરની જરૂર પડે છે. માછલી સમયાંતરે તેને વોમિટ કરીને બહાર કાઢી નાંખે છે અને તે પાણી પર તરતો જોવા મળે છે આમ તો વ્હેલ કાંઠેથી દૂર રહે છે. આ કારણ છે કે આ ઉલટી સામાન્ય રીતે જોવા મળતી નથી. કારણ કે તે ઘણા વર્ષોમાં ફક્ત એક જ વાર ઉલટી કરે છે. જ્યારે સૂર્યપ્રકાશને લીધે પાણી સુકાઈ જાય છે, ત્યારે આ પદાર્થ નક્કર સ્વરૂપમાં ફેરવાય છે.એમ્બર્ગ્રિસનો ઉપયોગ અત્તર બનાવવામાં સારી ગંધને કારણે થાય છે. તેનો ઉપયોગ બીજી ઘણી સુગંધિત વસ્તુઓ બનાવવા માટે થઈ શકે છે. તે ૧૫ થી ૫૦ ગ્રામ સુધીની હોઈ શકે છે.

આ ઉલટીની મદદથી ઈજિપ્તવાસીઓ અત્તરની સાથે ધૂપ લાકડીઓ બનાવે છે. આ સાથે, પ્લેગ ફેલાતાં તેની માંગ વધી. કારણ કે તે સમયે એવું માનવામાં આવતું હતું કે તેના ઉપયોગથી પ્લેગ થતો નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત એક કિલોગ્રામની રૂપિયા સવા કરોડ સુધી હોય શકે છે.એટલે તેને તરતા સોના તરીકે ઓળખવામાં આવે છે. "મેં વ્હેલ માછલી અને ઉલ્ટીનો ઈતિહાસ કહ્યો.

" ગિરધરભાઇ. આંતરરાષ્ટ્રીય પ્રવાસી ઈબ્ન બતૂતા તથા માર્કોપોલોનાં પ્રવાસવર્ણનોમાં પણ અંબરગ્રીસનો ઉલ્લેખ મળે છે. આયુર્વેદ ઉપરાંત યુનાની દવાઓમાં પણ તેનો પ્રયોગ થાય છે વહેલની ઊલટીનો યુનાની દવાઓમાં સદીઓથી ઉપયોગ થતો રહ્યો છે. મગજ, શરીર, ચેતાતંત્ર તથા જાતીય બીમારીઓને ઠીક કરવા માટે અલગ-અલગ ઔષધીઓ સાથે અંબરગ્રીસનો પણ ઉપયોગ થાય છે. હાડકાં, વહેલના તેલ તથા અંબરગ્રીસ માટે સ્પર્મવહેલનો પુષ્કળ શિકાર થાય છે એટલે ૧૯૭૦ના દાયકાથી યુરોપ, અમેરિકા તથા પશ્ચિમી દેશોમાં સ્પર્મ વહેલના અંબરગ્રીસના વેપાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.ભારતમાં વનસંરક્ષણધારાના શિડ્યુલ-૨ હેઠળ તે ૧૯૮૬થી સંરક્ષિત પ્રાણી છે અને તેનો કે તેનાં અંગોનો વેપાર કરવો ગેરકાયદેસર છે. એટલે તેનો શિકાર કરવો કે તેના અંગોનો વેપાર કરવો એ ગુનો બને છે. તેના કાયદેસરના વેપાર માટે લાઈસન્સ લેવાનું રહે છે.'રાજુએ કહ્યું.

" રાજુ ભૂતકાળમાં ભારતમાં કરોડો રૂપિયાની અંબરગ્રીસ -ઉલ્ટી પકડવાનાં આવી છે.

છતાં પણ ગેરકાયદે પ્રવૃતિ અટકવાના બદલે વધી રહી છે. વાઘ,સિંહના ચામડા, દાંત, હાથી દાંત, દુર્લભ કાચબા, સાપ નોળિયા,સસલા, ગીધ, પોપટ , મેના વગેરેની આંતરરાષ્ટ્રીય બજારમાં જબરી ડીમાંન્ડ છે. આંતર રાજ્ય આંતરરાષ્ટ્રીય તસ્કરો થોડા પૈસા માટે વન્ય, જળ સૃષ્ટિનું નિકંદન કાઢી રહ્યા છે. એને રોકવાની ફરજવાળા ઉલાળિયો કરે છે!!મેં કહ્યું

ધનલોભી ધનનંદનને રુક જાવ કહેવું પડશે! બિલાડીને ગળે ઘંટ કોણ બાંધશે?

ભરત વૈષ્ણવ

૦૧.૦૨.૨૦૨૩.# હાસ્ય







**Session on Union Budget-2023 at Rai University**

Rai University and IIC held a session on the 2023 Union Budget to educate students on its policies. Mr. Bhavik Panchal, a professor at the Rai School of Management Studies, was the keynote speaker. The session also included a live presentation of the budget by Indian Finance Minister Ms. Nirmala Sitharaman in Parliament. The aim was to increase students' understanding of the budget and its impact on the Indian economy.

### શું માતા બન્યા બાદ આલિયા ભટ્ટના કરિયરની રફ્તાર ધીમી પડી રહી છે? એક્ટ્રેસે કર્યો ખુલાસો

મુંબઈ,તા.૧

બોલીવુડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે ગત વર્ષે રણબીર કપૂર સાથે લગ્ન કરી લીધા હતા. થોડા મહિના બાદ તે પુત્રી રાહાની માતા પણ બની ગઈ હતી. જેના કારણે તે ખૂબ જ વ્યસ્ત મજર આવી રહી છે. જોકે, તે તેની ફિલ્મોને લઈને પણ ખૂબ જ ચર્ચામાં છે. આલિયા ભટ્ટ બ્રહ્માસ્ત્ર બાદ હોલીવુડ ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોનમાં નજર આવશે. જેની ઝલક હાલમાં જ જોવા મળી હતી. આ દરમિયાન તે એક ઈવેન્ટમાં પહોંચી હતી. ત્યાં તેણે પોતાની નંબર ૧ પ્રાયોરિટી વિશે વાત કરી હતી.

મુંબઈમાં એક કાર્યક્રમમાં એક્ટર વરુણ ધવન સાથે આલિયા ભટ્ટ સામેલ થઈ હતી. ત્યાં એક્ટ્રેસે મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન પાપારાઝી દ્વારા એક્ટ્રેસને સવાલ કરવામાં આવ્યો કે, શું પુત્રી રાહાના જન્મ બાદ તેમનું કરિયર ધીમુ પડી ગયુ છે? તેના પર આલ્યાએ કહ્યું કે, હાલમાં મારા જીવનમાં મારી નંબર ૧ પ્રાથમિકતા મારી પુત્રી છે જેને ખૂબ જ પ્રેમ કરુ છું. પરંતુ સિનેમા અને ફિલ્મ મારો પ્રથમ પ્રેમ છે. હું મારું શ્રેષ્ઠ આપવાનો પ્રયાસ કરીશ. કદાચ તે ક્વોન્ટિટીના બદલે ક્વોલિટી હશે. જે કોઈ ખરાબ વાત નથી. આલિયા ભટ્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં આલિયા આ વાતો કહેતી નજર મળી રહી છે. આલિયાની વાત સાંભળીને યુઝર્સની ખૂબ જ રસપ્રદ પ્રતિક્રિયાઓ મળી રહી છે. દરેક વ્યક્તિ એક્ટ્રેસના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'દીકરીને જન્મ આપ્યા બાદ તમે આટલી જલ્દી નોર્મલ જીવનમાં પાછા આવી ગયા છો. તમે એક પ્રેરણા છો. યુઝર્સ પણ આલિયાની ગ્લો અને ફિટનેસના વખાણ કરી રહ્યા છે.આલિયા છેલ્લે ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં નજર આવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહી હતી અને તેણે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાનું વર્લ્ડવાઈડ કલેક્શન કર્યું હતું.

બાબાજીનું ઠુલ્લું

ત્રેસઠ વરસે વાંઢાએ નાતમાં વિવાહ કર્યાને ,
તુરંત વિધુર થયા તો મળ્યું શું બાબાજીનું ઠુલ્લું?
ડોશી આજીવન લગ્ન કર્યા વગર કુંવારી મરી,
જન્મ લઈને તેને મળ્યું શું બાબાજીનું ઠુલ્લું ?
જિંદગીભર લાંચ લીધીને પકડાયો નિવૃતિ પેલાં,
લાંચ લીધીને તને મળ્યું શું બાબાજીનું ઠુલ્લું ?
મારી સાથે રમત રમીને જાલ્યો પૈસાદાર બકરો,
સખીની રમતમાં મને મળ્યું શું બાબાજીનું ઠુલ્લું?
પ્રભુની માળાને બદલે તાળા પર ભરોસો મૂક્યો ને,
થઈ ઘરફોડ સખીને મળ્યું શું બાબાજીનું ઠુલ્લું ?

ભરત વૈષ્ણવ

૦૧.૦૨.૨૦૨૩.#કાવ્ય

# ૩ (કોટન) ખાંડીના નવા ત્રણ કોન્ટ્રેક્ટ્સ ૧૩મી ફેબ્રુઆરીથી વાયદાનાં કામકાજ માટે ઉપલબ્ધ

### જાન્યુઆરી મહિનામાં સોનાનો વાયદો રૂ.૨,૨૨૫ ઊછળ્યોઃ ચાંદી રૂ.૫૮૪ ડાઊનઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪,૨૧,૦૪૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭,૬૯,૨૫૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૧,૪૭૪ કરોડનાં કામકાજ

મન્થલી માર્કેટ રિપોર્ટ

*મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨થી ૩૧ જાન્યુઆરીના મહિના દરમિયાન ૧,૫૭,૫૮,૩૭૬ સોદાઓમાં કુલ રૂ.૧૧,૯૧,૭૭૪.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૨૧,૦૪૩.૦૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭,૬૯,૨૫૬.૮૯ કરોડનો હતો.*

*દરમિયાન, એક્સચેન્જે એક પરિપત્ર મારફત જણાવ્યું છે કે કોટન ખાંડી (કેન્ડી)ના નવા ત્રણ કોન્ટ્રેક્ટ્સ વાયદાનાં કામકાજ માટે ૧૩ ફેબ્રુઆરીથી એમસીએક્સ પર ઉપલબ્ધ બનાવ્યા છે, જેમાં એપ્રિલ-૨૦૨૩, જૂન-૨૦૨૩અને ઓગસ્ટ-૨૦૨૩ કોન્ટ્રેક્ટ્સનો સમાવેશ થાય છે.*

*આ કોટન ખાંડી કોન્ટ્રેક્ટના ધારાધોરણોમાં ટ્રેડિંગનું એકમ ૪૮ ખાંડી (કેન્ડી) (એક ખાંડી એટલે ૩૫૫.૫૬ કિ.ગ્રા.)નું રહેશે. ક્વોટેશન ખાંડીદીઠ રૂપિયામાં રહેશે, જ્યારે ભાવ ક્વોટ- એક્સ-વેરહાઉસ રાજકોટ (૧૦૦ કિલોમીટરના વિસ્તારની અંદર), તમામ કરવેરા, ડ્યૂટીઝ, લેવીઝ, લાગુ પડતા ચાર્જિસ સિવાયનું રહેશે. ઓર્ડરનો મહત્તમ જથ્થો ૫૭૬ ખાંડીનો રહેશે. ટિકસાઈઝ (લઘુતમ ભાવ વધઘટ) રૂ.૨૦ની રહેશે એટલે કે ૧ ટિકદીઠ રૂ.૯૬૦નો નફો/નુકસાન રહેશે. ડિલિવરીનું લોજિક ફરજિયાત ડિલિવરીનું રહેશે. પ્રારંભિક માર્જિન લઘુતમ ૮ ટકા અને સ્પાનની ગણતરી આધારિત, એ બંનેમાંથી જે વધુ હોય તે રહેશે.*

*કોટન ખાંડી કોન્ટ્રેક્ટમાં મહત્તમ છૂટપાત્ર ઓપન પોઝિશન વ્યક્તિદીઠ ગ્રાહક માટે ૯,૬૦૦ ખાંડી (૨૦,૦૦૦ ગાંસડી)ની અને તમામ ગ્રાહક વતી સભ્ય માટે એકત્રિત ઓપન પોઝિશન ૯૬,૦૦૦ ખાંડી (૨,૦૦,૦૦૦ ગાંસડી)ની રહેશે. નજીકના મહિનાની ડિલિવરીના સંબંધમાં વ્યક્તિગત ઓપન પોઝિશન ૨,૪૦૦ ખાંડી (૫,૦૦૦ ગાંસડી)ની રહેશે, જ્યારે નજીકના મહિના માટે સભ્ય સ્તરે પોઝિશનની મર્યાદા એકંદરે સભ્ય સ્તરની પોઝિશન મર્યાદાના એક ચતુર્થાંશ જેટલી રહેશે.*

*કોટન ખાંડીના આ કોન્ટ્રેક્ટ્સમાં ડિલિવરીનું યુનિટ ૪૮ ખાંડી (જેમાં પ્રત્યેક ગાંસડી અંદાજિત ૧૭૦ કિલોગ્રામ (૭ ટકા વધઘટની છૂટમર્યાદા સાથે)ની એવી ૧૦૦ ગાંસડી)નું રહેશે. આ કોન્ટ્રેક્ટ્સમાં મૂળ ડિલિવરી કેન્દ્ર રાજકોટ (ગુજરાત) રહેશે, જ્યારે વધારાના ડિલિવરી કેન્દ્રોમાં ગુજરાતમાં કડી, મુંદ્રા, મહારાષ્ટ્રમાં યવતમાળ, જાલના, તેલંગાણામાં અદિલાબાદ, મધ્ય પ્રદેશમાં ઈન્દોર, રાજસ્થાનમાં ભિલવાડા, આંધ્ર પ્રદેશમાં ગુંટૂર, કર્ણાટકમાં રાયચુર અને તામિલનાડુમાં સાલેમનો સમાવેશ થાય છે. કોઈપણ વધારાના ડિલિવરી કેન્દ્રો ખાતે*




*કોઈપણ લોકેશન ડિસ્કાઉન્ટ રહેશે નહીં. નવા વધારાના ડિલિવરી કેન્દ્રો વેરહાઉસ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી (ડબલ્યુડીઆરએ) પાસેથી એમસીએક્સસીસીએલને મંજૂરી મળ્યા બાદ લાગુ કરવામાં આવશે અને તેની જાણ બજારના અગાઉથી કરવામાં આવશે.*

*પ્રત્યક્ષ (ફિઝિકલ) તપાસના ગુણવત્તા સંબંધી ધારાધોરણો અને એચવીઆઈ મોડની વાત કરીએ તો ગુણવત્તાના નિયત ધારાધોરણો મુજબ માલ ટેન્ડરેબલ રેન્જની અંદર હોવો જરૂરી છે. તે સિવાયનો માલ ડિલિવરી માટે સ્વિકૃત ગણાશે નહીં. જિનિંગની પેટર્ન રોલર જિન્ડ કોટનની રહેશે.*

*સમીક્ષા હેઠળના જાન્યુઆરી મહિના દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૯,૩૧,૦૫૯ સોદાઓમાં કુલ રૂ.૨,૩૭,૫૬૧.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૫૫,૦૫૨ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૨૭૦ અને નીચામાં રૂ.૫૫,૦૪૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨,૨૨૫ના ઉછાળા સાથે રૂ.૫૭,૨૪૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૮૨૮ વધી રૂ.૪૫,૫૫૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૪૪ વધી રૂ.૫,૬૮૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૧,૯૭૧ વધી રૂ.૫૬,૮૬૪ના સ્તરે પહોંચ્યો હતો.*

*ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ મહિનાના પ્રારંભે રૂ.૬૯,૫૦૩ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૧,૧૨૦ અને નીચામાં રૂ.૬૬,૭૬૯ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૫૮૪ ઘટી રૂ.૬૮,૮૨૯ના સ્તરેના સ્તરે બંધ થયો હતો.*

*ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૩૧ ઘટી રૂ.૬૮,૮૩૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૨૭ ઘટી રૂ.૬૮,૮૨૫ના સ્તરે બંધ થયો હતો.*

*એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૧,૨૦,૫૯૭ સોદાઓમાં કુલ રૂ.૧,૧૦,૩૮૩.૫૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો મહિનાના પ્રારંભે રૂ.૬,૬૨૮ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૮૧ અને નીચામાં રૂ.૬,૦૮૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૩૯ ઘટી રૂ.૬,૪૯૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨૮.૭૦ ઘટી રૂ.૨૨૪.૧૦ના સ્તરે બંધ થયો હતો.*

*કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૭૯૬ સોદાઓમાં રૂ.૨૬૦.૬૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૫૨.૫૦ના સ્તરે બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૬.૬૦ ઘટી રૂ.૯૯૭.૪૦ થયો હતો.*

*કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૦૧,૭૦૪.૬૭ કરોડનાં ૧,૮૦,૨૫૭.૧૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૩૫,૮૫૬.૯૩ કરોડનાં ૧૯,૭૧૮.૬૫૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૪૭,૩૦૨.૪૫ કરોડનાં ૭,૩૮,૬૧,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૩,૦૮૧ કરોડનાં ૨ ૨ ૦ ૩ ૯ ૦ ૮ ૭ ૫ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૬૦.૫૪ કરોડનાં ૨૫૧૦.૬૪ટનનાં કામ થયાં હતાં.*

*ઓપન ઈન્ટરેસ્ટ મહિનાના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૨૯૮.૩૪૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૫૩.૭૭૪ ટન, ક્રૂડ તેલમાં ૫૮૩૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૧૮૩૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૫.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.*

*ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર મહિના દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૧,૪૭૪.૨૬ કરોડનાં ૧૮,૮૯૯ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૪૦૯ના સ્તરે ખૂલી, ૩૦૮ પોઈન્ટ વધી ૧૫,૬૯૮ના સ્તરે હતો.*

*ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૬૯,૨૫૬.૮૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨,૮૩૮.૭૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૫૬૯.૭૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૮૩,૨૭૯.૨૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૫,૪૬૯.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં.*

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG.SS.NO 0032
સાહિત્ય સરિતા
વિષય:- પાસા
શીર્ષક:- ★જિંદગીનાં પાસા★
હારજીતમાં હાર માનીને જીતવું મંજુર,
કેવી રીતે રમશું આ જિંદગીનાં પાસા.
ચાલો જિંદગીની રમતમાં ફેકીએ પાસા.
આજ અટકી અટકીને ચાલવાના સાંસા.
હારજીતની સાથે વણાયેલી છે આ રમત,
કેવીરીતે આ રમશું આ જિંદગીના પાસા....?
મોકો મળ્યો આજ વળતો ઘા કરવાનો,
મન મક્કમ કરી રમવું છે આ પાસા.
મારું ખાલીપણું મને આજ બહું છળે,
મારી જિંદગી મને આજ રહી રહીને મળે.
જિંદગીની સફર છે આજ મૃત્યુ સુધીની,
બાથ ભીડવી મારે આજ મૃત્યુ સુધીની.
સાથ આપજે પ્રભુ,આ પાસાની રમતમાં,
હારજીતમાં હાર માની જીતવું મારે રમતમાં.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ ..૩૧/૧/૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 002
વિષય- પાસા
વિભાગ : ગદ્ય
શબ્દ : ૨૨૫
શીર્ષક : સકારાત્મક વિચાર ધારા.

સ્વચ્છ ભાસતાં આભામંડળમાં પણ શ્વેત વાદળોનું આવરણ હોય છે. નિર્મળ વાતાવરણને પણ અનેક ઝંઝાવાત અને ચક્રાવાત સાથે ઝઝુમવું પડે છે તો આપણી શું વિસાત છે?

જીવનમાં અવળા સવળાપાસા તો આવેને જાય છે. ઘણીવાર ભાગ્ય સાથ નથી આપતું, તો ગમે એટલું તમે સારુ કરો તો પણ ગાડી અવળે પાટે ચઢી જાય છે!

આને માટે જવાબદાર તમે પોતે છો. ગમે એટલી મુશ્કેલી આવે તો પણ સકારાત્મક વિચારોથી આગળ વધશો તો તમારું ગણિત ક્યારેય ખોટું નહીં પડે.

મિત્રો, જીવનમાં સારા અને નરસા પાસારુપી સુખ દુઃખ તો આવે ને જાય પણ દુઃખમાં જે મનુષ્ય આનંદમાં રહેતાં શીખી જશે તો દુઃખ ચારગાંવ છેટું રહેશે એતો નિશ્ચિત જ છે.

મિત્રો, સુખ અને દુઃખને આપણે રાત અને દિવસ સાથે સરખાવી શકીએ.

એકબીજાનાં પ્રતિસ્પર્ધી એક સાથે, સંગાથે, સજોડે તોપણ વિભક્ત જાણે રાધાકૃષ્ણની જોડ.

રાધાકૃષ્ણનું પણ કેવું છે? રાધાને કૃષ્ણની અર્ધાંગિની બનવા કરતાં એની પ્રિયસી બનવાનો આનંદ છે અને કૃષ્ણ પણ રાધા સિવાય કોઈ સાથે રાસ નથી રમ્યા. કૃષ્ણની બંસરીનાં સૂર ફક્ત રાધા પુરતાં જ સીમિત હતાં. આને કહેવાય પ્રેમનાપાસા. કદાચિત એટલે જ રાધા કૃષ્ણને પામી ગઈ અને કૃષ્ણની બાજુમાં ઊભાં રહેવાનું સ્થાન પામી ગઈ!

કહેવાનો તાત્પર્ય એ છે કે રાધાકૃષ્ણની જોડમાં નકારાત્મક પાસા તો છે જ પણ આપણને એમનાં પ્રેમમાં નિઃસ્વાર્થતા વધારે દેખાય છે કારણ, આપણને એમનું સકારાત્મક પાસું જ નજરે પડે છે. નકારાત્મકતાને દૂર દૂર સુધી સ્થાન જ નથી.

જીજ્ઞા કપુરિયા "નિયતી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 0119
વિષય : પાસા
પ્રકાર : ગદ્ય
શીર્ષક : સમયની બલીહારી
શબ્દો : ૩૪૫

★સમયની બલિહારી★

ઘણા સમયની મારી આપવિતી તક ને રજૂ કરવાની મોકળાશ માન.શ્રી પ્રશાંતભાઈ રાવલ સાહેબે સાહિત્ય સરિતાનાં માધ્યમથી કરી આપી છે, ત્યારે હું મારા પાસા વારંવાર નાખતો રહ્યો પણ કુદરતે મને એની બરકત ન આપી અને ઉંડા ખાડા રૂપી દેવાનાં દરિયામાં ડૂબતો રહ્યો.

હું સાંતલપુર તાલુકાના વરણોસરી ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો, ત્યાં હું સ્થાનિક રહેતો હતો. જ્યાં રહેતો હતો તે ઘરમાલિકની આગતાસ્વાગતા એવી હતી કે મને પોતાનાં દિકરાની જેમ રાખતા હતા. કરશનજી જાડેજા નો પરિવાર પણ પોતાના નાના ભાઈ તરીકે રાખેલ છે, વહેલામોડા એમના ઘેર જ ખાવાનું હોય. હું પણ એમનાં પરિવાર નો એક સભ્ય જ ગણાતો. સમયસર ખાવા-પીવા અને અલગ તેમનાં કાચા માટીનાં ઓરડામાં રહેતો હતો.રાત્રે બાળકો અને સૌ ગામનાં મોટેરાઓ મારે ત્યાં આવે અને મોડી રાત સુધી જાગીને એકબીજા અરસ-પરસ કરતા હતા. બાળકો ને ગામનાં લોકો આવે એ પહેલા સાંજના ૬ થી ૮ અલગ અલગ પ્રવૃત્તિઓ અને શિક્ષણકાર્ય કરાવતો.

મારે ઘેર પણ પરિસ્થિતિ આર્થિક રીતે નબળી જ હતી. મા-બાપ ગામડે મજૂરી કરે અને હું થોડા ઘણા પૈસા બચાવીને ઘેર મોકલતો. આ બધી વાતોની ખબર છે ગામલોકો આવતા તેમને હું કરતો કે ★અમારે ગામમાં મેઢો નથી અને સીમમાં સેઢો નથી.★ એટલે કે ગામમાં રહેવા માટે એક કાચું માટીનું મકાન છે. ખેતીની કોઈ જમીન નથી. ★મજૂરી કરીએ અને પેટિયું રળિયે★ એવી વાતો કાયમ કરતો.

ગામનાં બધા આવતા તે મને પોતાનો ભાઈ કે દિકરા સમાન રાખતા અને મારી સાથે ભાઈચારાથી વર્તન કરતા, એટલું જ નહીં પરંતુ માન-મર્યાદા પણ જાળવતા.

મારા મકાન માલિક કહે માસ્તર સાહેબ તમે મારા ખેતરમાં જીરું કરો એટલે તમારે ઘરમાં મદદરૂપ થવાય. મેં કહ્યું કે ભાઈ મારે નિશાળ સમયસર જવું પડે એટલે મારે જીરું નથી કરવું. બધાએ કહ્યું અમે કામ કરાવશું. મને સૌએ જીરું કરાવ્યું પણ પાસા અવળા પડ્યા. શાળા સમયસર જતો, બાળકોને પુરતો ન્યાય આપતો પણ કુદરત રૂઠે ત્યારે કોઈનું કંઈ ન આવે.

મારા બાપુજી નાં પગે ફ્રેકચર થયું અને ★પડતા પર પાટુ★ જેવી સ્થિતિ સર્જાઈ. અમદાવાદ પાટાપિંડી માટે આઠ-નવ વખત ગાડી ભાડે કરીને લઈ જવા પડતા. બે ત્રણ વખત અલગ -અલગ ખેતરોમાં જીરા ની ખેતી કરી પણ કુદરતે યારી ન આપી તે ન જ આપી. સ્પેશ્યલ ખેતી માટે માણસ રાખેલ અને રાત્રે તથા રજા દિવસે ખેતીના કામમાં રહેતો. શાળાનાં બાળકો નાં હિતમાં ક્યારેય આનાકાની કરી નહીં અને બાળકો તાલુકા મથકે નહીં ગયા હોય એ બાળકોને અમદાવાદ રાજ્ય કક્ષાએ રાસ-ગરબામાં ભાગ લીધો. જિલ્લામાં દરવર્ષે ભાગ લેતા. મારા સ્વખર્ચે અમદાવાદ અને દાંડીયારાસ નો ગણવેશ તૈયાર કરાવ્યો. નિષ્ઠા અને પ્રમાણિકતાથી શિક્ષક તરીકે ફરજ બજાવી છે.

મેં લાગલગાટ ચાર વખત જીરાની ખેતી કરી પણ કુદરતને મંજૂર નહીં હોય. પછી મેં એક સાખી બનાવી. એ સાખી એટલી વાયરલ થઈ કે આજુબાજુના ગામોમાં બધા બોલવા લાગી ગયા.

★ડેલામાં બહુ દેવરાણા, ને કલાણમાં ના વળ્યું કાંઈ;★
★અઘાટે આઘા-પાછા થયા, લેબડકે લબઢબ થઈ.★

ત્યાર પછી તો મેં એ બધું છોડીને મારા બાળકોને ભણાવવામાં અને વતનની નજીક આવી ગયા. આજે પણ વરણોસરી ગામનો નાતો અકબંધ છે અને લોકો મને દેખતાં જ સાખી લલકારે છે.

મારો આશય ઘરની આર્થિક પરિસ્થિતિ માં સુધારો આવે એવો હેતુ હતો પણ કુદરતે બે પાંદડે ન થવા દીધો. કુદરતને રોજ પ્રાર્થના કરતો કે મને વિશ્વાસ છે કે એક દિવસ મારી નિતી સાફ હોવાના કારણે તારે યારી આપવી જ પડશે. મારા પાસા અત્યારે ભલે અવળા પડતા હોય, પણ હું મારી નિષ્ઠા અને નિતી સાફ હોવાથી એક દિવસ મને કુદરત તારો સહારો મળશે અને એની મહેરબાની થઈ છે.નિવૃત્તિનાં સમયમાં હાલ નિરાંત છે.

જેથી કુદરતનાં ખોળે બેઠા છીએ એટલે ચડતી-પડતી, તડકો-છાંયડો આવ્યા કરે, પણ હિંમત કદી હારવી નહીં. ★હિંમતે મર્દા તો મદદે ખુદા★ એ શ્રધ્ધા અને વિશ્વાસ થી મારા પાસા સવળા પડવા લાગ્યા એ સમયની બલિહારી અને ★કુદરતની દેન છે. કુદરત મારે અને તારે.★

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: *NOG.SS NO.0095*

★વિષય★ :-- ★પાસા★
★પ્રકાર★ :- ★ગદ્ય★
★શીર્ષક★:-- ★જીવન એટલે કુદરતે ફેંકેલા પાસા★
★શબ્દો★ :- ★૩૪૭★
★રચના★ :-

'મનમાં હામ ભરી માનવી જો તું ડગ ભરે,
ફૂલ પાથરી રસ્તા , નમે આખું જગ તું શું ડરે ?'

ક્યાંક વાંચેલી કોઈ કવિની આ પંક્તિ ઘણું બધું સમજાવી જાય છે. આભેથી ઉપરવાળો

પાસા નાંખે છે અને આ જિંદગીની ચોપાટ પર મારે કુશળતાથી ચોપાટ રમવાની છે. સુખ દુઃખ સમાન ક્યારેક પાસા અવળાય પડે ને સવળાય પડે !

જીવનમાં જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ પાસા અવળા જ પડતા ગયા. તન હારતું તો મન મક્કમ રહેતું. 'હૈયે રાખી હામ ને તનમાં રાખી જોમ , મક્કમ ડગલે ચાલ્યા કરીને કર્યા કંટક તમામ. કોઈ સાથ આપે કે ના આપે , મંઝિલ સુધી પહોંચવાનો પાક્કો કર્યો નિર્ધાર.'

નજર સામે એવી ભારતીય વીર સન્નારીઓનું

જીવન રાખ્યું જેમણે દુઃખોથી , સંકટોથી કદી હાર માની નહોતી. જેમકે માતા સીતા રાજરાણી હોવા છતાંય એમના જીવનમાં પાસા અવળા પડ્યા અને અનેક દુઃખ વેઠીને વને - વને ભટકતાં રહ્યાં. કુંતા માતાએ પણ એકલે હાથે ઝઝૂમીને વીરતાથી મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. મીરાંબાઈનાં જીવનમાં અવળા પાસા જ પડતા , છતાં એમણે ભક્તિ છોડી નહોતી. તો રાણી લક્ષ્મીબાઈ કે રાણી અહલ્યાબાઈએ વીરતા દાખવીને અનેક સંઘર્ષોનો સામનો કર્યો હતો. તો યમરાજ પાસેથી ડર્યા વગર પોતાનાં પતિને પાછો લાવનાર સાવિત્રીએ પણ પોતાની વીરતાથી અવળા પાસાને સવળા કરી બતાવ્યા હતા.

તો હું પણ એક ભારતીય નારી છું. ભલે હું આ બધી સન્નારીઓ જેટલી મહાન નથી પણ મારા જીવનમાં આવેલા કંટક સમાન અવળા પાસા આ સન્નારીઓના જીવનથી અલગ નહોતા. ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાએ મારામાં ધીરજ, હિંમત ,સહિષ્ણુતા , અડગતા અને ધ્યેય નિષ્ઠા જેવા શસ્ત્રો આપીને અવળા પાસાને સવળા પાસામાં ફેરવવાની અપાર શક્તિ આપીને જીવનમાં મારા લક્ષ્ય સુધી પહોંચવાના મારા સંકલ્પને પાર ઉતાર્યો.

એકલે હાથે પરિવારને સાચવ્યો તો સંતાનોને એમના મુકામે પહોંચાડીને આત્મ સંતોષ મેળવ્યો. પાસા તો હજી એની રમત રમે જ છે પણ મારું મન કહે છે કે, 'તાપસી , ના તું નિર્બળ , કે અબળા સમી દુર્બળ છે. નારી તું તો નારાયણી સમી સબળા છે.'

મને ગર્વ છે મારા સંસ્કારો પર કે હું એક એવી ★તાપસી★ એટલે તપસ્વિની , મહિલા છું. જેમાં છે , મ - મહાન , હિ - હિંમતવાન અને લા - લાયન (સિંહ) જેવી ખુમારી વાળા ગુણ.

'પાસા ભલેને પડે કંટકો ભર્યા અવળા,
★તાપસીની★ ખુમારીથી બનશે સદાય સવળા'.

દીપિકા ચાવડા 'તાપસી'
★ભાવનગર★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G. S.S. No 0102.
નામ:- ★રતીલાલ વાયડા★
વિષય :- ★પાસા★.
શીર્ષક:- ★મોહિનીના પાસા ઊંધા પડ્યા★.
પ્રકાર:- ગદ્ય વાર્તા.( ★સત્ય ઘટના આધારિત★. )
શબ્દ સંખ્યા:-૨૫૦.
તારીખ:- ૧/૦૨/૨૦૨૩. બુધવાર.
રચના:-

એક શહેરમાં ધનપાળ નામના શેઠ રહેતા હતા . ઉમર ૫૦ વર્ષની આસપાસ અને થોડા વખત પહેલાં તેનો ઘરભંગ થયેલો. કોઈ સંતાન ન હતું.ખૂબ સંપત્તિના માલિક હતા. તેના સગા સંબંધીઓ અને મોટા કુટુંબ સાથે તેનું જીવન ચાલે રાખતું હતું.

એક મોહિની નામની સ્ત્રી પણ એ શહેરમાં રહેતી હતી. તેણે શેઠની ઘણી પ્રશંસા સાંભળી હતી. પોતે એકલી જ હતી અને તેની ઈચ્છા શેઠની સાથે સંબંધ બાંધવાની હતી. ધીરે ધીરે શેઠ ના સંપર્કમાં આવવા લાગી અને થોડા સમયમાં જ તેઓએ બંનેએ લગ્ન કરી લીધા.

મોહિનીની નજર તેની સંપત્તિ ઉપર હતી. તે ખોટો પ્રેમ બતાવી અને શેઠને રાજી રાખતી હતી. સાથે તેના મિલકતના પણ ઘણા વારસદારો હતા .

મોહિનીએ પોતાની પાપલીલા ધીરે ધીરે પ્રસારી. તે રોજ થોડું થોડું ઝેર શેઠને આપતી હતી .થોડો વખત માં શેઠ બીમાર પડ્યા પરંતુ તેનો કોઈ ઈલાજ મળતો ન હતો.

હવે મોહિની નિરજ ખૂટી ગઈ અને તેણે શેઠનો જલ્દી ફેંસલો થઈ જાય તે માટે ઝેરી શરબત તૈયાર કર્યું અને એક ગ્લાસ પોતાના માટે પણ શરબતનો તૈયાર કર્યો, અને શેઠને પીવા માટે આગ્રહ કરવા લાગી.

એ જ દરમિયાન શેઠને કોઈ ઓચિંતું કામ આવી જતા તે તાત્કાલિક ઘરેથી બહાર નીકળી ગયા અને તેણે પીણું પીધું નહીં.

મોહિનીએ શેઠ માટે રાખીલો ગ્લાસ અજાણતાથી પી લીધો અને થોડાક સમયમાં તેની હાલત કફોડી થઈ ગઈ. દવાખાનામાં ખસેડતા તેનું પ્રાણ પંખો ઉડી ગયું હતું.

મોહિનીએ ઊંધા ★પાસા★ ફેકી અને શેઠની સંપત્તિ હાંસલ કરવા માંગતી હતી તેને બદલે તેણે પોતાનો જીવ ગુમાવ્યો.

શેઠે જ્યારે તપાસ કરી ત્યારે તેને જાણવા મળ્યું કે શેઠ તેમનો આ ત્રીજો શિકાર હતો પરંતુ તે કરવા માટે તે નિષ્ફળ નિવડી હતી.

લેખક:- ★રતીલાલ વાયડા★
★નવી મુંબઈ.★ ★તારીખ:-૧/૦૨/૨૦૨૩.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 0106
વિષય-'પાસા'
પ્રકાર-ગદ્ય
શબ્દ-૨૫૦
શીર્ષક-'દા' દેવો હરિ હાથ છે'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

'એ...એ..
-ડબો ઢાંચ પૂરા પાંચ
ઢબો ઢાંચ પૂરા પાંચ!!!
પાંચિકાની રમત..

ઉનાળાનાં વેકેશનમાં મંદિરના ઓટલે-નવનવ કાંકરીથી-'ભરત-ચડત'ની રમત!'થપો' 'સાત કાંકરી'

આવી તો કેટલી રમતોમાં છૂપાછૂપી કરી, ખો આપી-અંઆપી-કરી જીતી જવાનું!!

પત્તાની ધોલીથી 'હજામ''તીનપતિ'કેટકેટલી રમતો રમી હાર/જીત થકી ખુશી નારાજગી અનુભવવાની પણ મજા હતી..

આ જિદગીમાં પણ ડગલેને પગલે -અંચાઈ કરી-પાસા ફેંકી હારવા/જીતવાનું.પછી તે રાજકારણ હોય,ઘર સંસાર,અધ્યાત્મ,શિક્ષણ કે સમાજ-જે હોય તે-પણ 'પાસા'તો ફેંકવાના જ.

શકુનિ પાસા ફેંક્યા -મહાભારત રચાયું .

કૃષ્ણએ પણ લીલાના પાસાં ફેંકી નંદ,ગોપી,ગાય, ગોવર્ધન પર્વત આખી સૃષ્ટિનું રક્ષણ કર્યું.

આપણા માનવંતા નરેન્દ્ર મોદી-આખી દુનિયા સામે પોતાની હોશિયારીનાં એવાં તો પાસાં ફેંકે છે!કે ભારત દેશની ગણતરી દુનિયાના આગેવાન-સક્ષમ દેશોમાં થવા માંડી છે.

જિંદગી જુગાર છે.

સૌને એક યા બીજી રીતે આગળ આવવું છે.પોતાની મહાનતા સાબિત કરવા "કપટના પાસાં"ફેંકવાં છે!!પ..ણ

એક કવિની જાણીતી ઉક્તિ છે.:--
'પાસાં ફેંકે જનો સર્વે દા'દેવો હરિ હાથ છે!'
ઈશ્વર/પાર્વતી--રમત રમે છે
એમના 'કેરમબોર્ડની કૂકરી'છીએ !આપણે.
એક બાળપણું ગીત--
અડુલો દડુલો સોનાનો ઘડેલો--
હું રાજા તું રાણી...
રાણીની સોગઠીનો પીળોછે રંગ અને રાજાની લાલ એંધાણી..
મખમલની ચાદર પર ઢાળ્યા ચોપાટ રમત્યું રમે રાજા રાણી ..
પરમેશ્વર સોગઠીના પાડતાં રે પાસા!!
ચોથા પરમ્ નું તત્વ વિચારી,
રમતને નીલકંઠે ધારી.
અનંત ભાસે અગમ રંગે
વિશ્વ રમાડે વિશ્વ પતિ..!
ભગવાન પાસા ફેંકે છે.
ગજાનન સારું કરે છે. રિદ્ધિ/સિદ્ધિ પ્રગતિમાં સાથ આપે છે.

સુખ-સમૃદ્ધિ-શાંતિ-પ્રગતિને કેવી રીતે માણવું?!જીતવું?તે જવાબદારી આપણી માનવની છે.

તોય કેવું
'પાસાં ફેંકે જનો સર્વે..
દા' દેવો હરિ હાથ છે.
મુક્તિદા કુમાર
'રુપલી'

મુંબઈ - મહારાષ્ટ્ર.

# ૨ ફેબ્રુઆરી - વર્લ્ડ વેટલેન્ડ ડે- નળ સરોવર ખાતે કરાશે 'વેટલેન્ડ ડે' ની ઉજવણી

૨ ફેબ્રુઆરી ૧૯૭૧ના દિવસે ઈરાનના રામસર શહેરમાં વેટલેન્ડને સંરક્ષિત રાખવાના ઉદ્દેશથી પ્રથમ કોન્ફરન્સ યોજાઈ હતી-મહત્વના વેટલેન્ડને સંરક્ષણ અને વિકાસ માટે "રામસર" સાઈટ જાહેર કરાય છે...

૨ ફેબ્રુઆરી... વર્લ્ડ વેટલેન્ડ ડે...

સામાન્ય માણસને પ્રશ્ન થાય કે આ વેટલેન્ડ એટલે શું? સામાન્ય ભાષામાં કહીએ તો વર્ષનાં અમુક ચોક્કસ સમયગાળા દરમ્યાન કે બારેમાસ પાણીથી પ્લાવિત રહેતો એવો વિસ્તાર કે જેનું પોતાનું આગવું પરિસરતંત્ર(ઈકોલોજી) વિકાસ પામ્યું હોય તેને વેટલેન્ડ (જલપ્લાવિત વિસ્તાર) કહે છે.

૨ ફેબ્રુઆરીનાં રોજ ગુજરાત સહિત દુનિયાભરમાં 'વર્લ્ડ વેટલેન્ડ ડે' ઉજવવામાં આવશે. વેટલેન્ડને સંરક્ષિત બનાવી રાખવાનાં ઉદ્દેશ્યથી ૨ ફેબ્રુઆરી, ૧૯૭૧ના રોજ ઈરાનના રામસર શહેરમાં એક કોન્ફરન્સ યોજાઈ હતી. ત્યારથી તેની યાદમાં દર વર્ષે આ દિવસને 'વર્લ્ડ વેટલેન્ડ ડે' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉપરાંત મહત્વનાં વેટલેન્ડનાં સંરક્ષણ અને વિકાસ માટે તેને 'રામસર સાઈટ' જાહેર કરવામાં આવે છે.

વેટલેન્ડનાં સરંક્ષણની જરૂરિયાત

આજે વિશ્વ સમક્ષ પર્યાવરણની જાળવણી એક પડકાર ઉભો થયો છે. બદલાતા પરિમાણો અને તેને પગલે સર્જાતા પરિણામોથી આજે વેટલેન્ડનાં અસ્તિત્વ સામે પણ અનેક પડકારો ઉભા થયા છે. તેથી તેની સુરક્ષા અને સંવર્ધનની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. નળ સરોવર અને તેની આસપાસના વિસ્તારમાં પર્યાવરણ સુરક્ષા માટે કાર્યરત 'માનવ સેવા ટ્રસ્ટ' સંસ્થાના શ્રી મનુભાઈ બારોટ કહે છે કે, ભૌતિક સુખ સુવિધાઓ પાછળની ઘેલછા કહો કે આંધળી દોટ કહો, માનવજાત તેના પોતાના અસ્તિત્વ પર જાણે અજાણે સંકટ ઉભી કરી રહી છે. માણસ ભુલી જાય છે કે આ પૃથ્વી પર તેનું સ્વતંત્ર અસ્તિત્વ સંભવ નથી. મનુષ્ય સંપૂર્ણ જીવસૃષ્ટિનો એક નાનકડો ભાગ છે અને તેણે બાકીની સજીવસૃષ્ટિ અને કુદરતી તત્વો સાથે સંવાદિતા સાધીને જીવન જીવવાનું છે. સામાન્ય રીતે પર્યાવરણપ્રેમીઓ વેટલેન્ડ અંગેની માહિતી ધરાવતા હોય છે, પણ આજે જ્યારે વિશ્વ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે સામાન્ય માણસ પણ પોતાની આસપાસનાં પર્યાવરણ, સજીવસૃષ્ટિ અને પાણીનાં સ્ત્રોતો જેવા વિષયમાં રસ લેતા થાય તો પૃથ્વી માતાનાં જતનની આપણી જવાબદારી નિભાવવા સાથે આવનારી પેઢીઓને પણ સુંદર વિશ્વની ભેટ આપણે આપી શકીએ. એટલે જ 'માનવ સેવા ટ્રસ્ટ' પ્રતિ વર્ષ 'વેટ લેન્ડ ડે'ની અર્થપુર્ણ ઉજવણી કરે છે અને પર્યાવરણ સુરક્ષા સાથે પક્ષીઓની સુરક્ષા માટે પણ જાગૃતિ કાર્યક્રમો યોજે છે.

ગુજરાત એક અપાર વૈવિધ્ય ધરાવતું રાજ્ય છે. રણ, પર્વત, જંગલ, દરિયો એમ બધુંજ ગુજરાત પાસે છે. ગુજરાત ૧૬૦૦ કિ.મિ થી વધુ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય છે.


ગુજરાતને પક્ષી તીર્થ નળસરોવર સહેલાણીઓ ઉપરાંત દેશ વિદેશમાં વિખ્યાત છે.

જિલ્લા વન સંરક્ષક શ્રી પી.પુરુષત્તમા કહે છે કે, 'અમદાવાદથી આશરે ૬૫ કિ/મિ દુર આવેલુ નળ સરોવર દેશનું સૌથી મોટું જળપક્ષી અભ્યારણ અને છીછરા પાણીનાં સૌથી મોટા સરોવર પૈકીનું એક છે. નળ સરોવર એ અંદાજે ૧૨૦ચો કિ.મિ જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલો મોટો જળ ભંડાર છે. આ સરોવરની લંબાઈ ૩૨ કિ,મિ તથા પહોળાઈ ૬.૪ કિ.મિ છે. શિયાળાની શરુઆત સાથેજ વિદેશી પક્ષીઓનું અહીં આગમન શરુ થઈ જાય છે. નળસરોવર અને થોળ તળાવ ખાતે અનુક્રમે પક્ષીઓની ૨૨૬થી વધુ પ્રજાતિઓ અને માછલીઓની ૧૯ પ્રજાતિઓનો વસવાટ જોવા મળે છે. નળસરોવરને 'રામસર સાઈટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે. વળી મોટી સંખ્યામાં આવતા યાયાવર પક્ષીઓને કારણે આ વેટલેન્ડ પક્ષીપ્રેમીઓનાં સ્વર્ગ સમાન બની ગયું છે. નળ સરોવર પક્ષી અભયારણ્ય, વન વિભાગ અને ગીર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિશ્વ જળપ્લાવિત દિનની ઉજવણી કરાનાર છે. જેમાં ફોટો એક્ઝીબીશન કમ કોમ્પીટીશન, વર્કશોપ યોજાનાર છે...'

વેટલેન્ડનાં ફાયદા

વૈવિધ્યપૂર્ણ જીવસૃષ્ટિ માટે આદર્શ આશ્રયસ્થાન:

વેટલેન્ડ વિવિધ પ્રકારનાં જીવો માટે એક આદર્શ રહેઠાણ છે. સુક્ષ્મ જીવાતોથી લઈને છોડવાઓ, ઉભયજીવીઓ, રેપ્ટાઈલ્સ, માછલીઓ, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ માટે જરૂરી પર્યાવરણ પૂરુ પાડે છે. અને જીવો જીવસ્ય ભોજનમ સ્વરૂપે તેમની આહારશ્રુંખલા જળવાયેલી રહે છે. તાપમાનમાં ઘટાડો થાય: ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન દુનિયાને પોતાનાં ભરડામાં લઈ રહ્યો છે ત્યારે પાણીનાં મોટા સ્ત્રોતોને કારણે સરેરાશ તાપમાનમાં ઘટાડો થાય છે. પાણીનું સ્તર જળવાય: વેટલેન્ડનું સંરક્ષણ કરવામાં આવે તો તેના લીધે ભુગર્ભ જળનું પ્રમાણ ઉંચુ આવે છે, અને પાણીના પ્રશ્નોના નિરાકરણમાં મોટી મદદ મેળવી શકાય છે. પોષકતત્વોની જાળવણી થાય: વેટલેન્ડ પાણીની ગુણવત્તા સુધારવામાં ઘણા મદદરૂપ થાય છે. નાઈટ્રોજન અને ફોસ્ફરસ



જેવા તત્વોની રિસાયકલિંગ પ્રક્રિયામાં પણ તેઓ અગત્યની ભુમિકા ભજવે છે. વેટલેન્ડમાં ઉગેલી વનસ્પતિ દ્વારા આવા પોષકતત્વોને શોષી લેવામાં આવે છે, અને જ્યારે તેમનાં પર્ણ ખરી પડે, કે તેમનો નાશ થાય ત્યારે આ પોષકતત્વો અન્ય સ્વરૂપે ફરી વાતાવરણમાં પ્રવેશે છે.

જળચક્ર અને કાર્બનચક્રનું સમતુલન જળવાય: વેટલેન્ડ ફોટોસીન્થેસીસની પ્રક્રિયા દ્વારા વાતાવરણનો કાર્બન ડાયોક્સાઈડ શોષી લઈને તેનું જૈવિક તત્વોમાં રૂપાંતરણ કરી દે છે. માણસ દ્વારા પેદા કરવામાં આવતા ગ્રીનહાઉસ ગેસની નકારાત્મક અસરો દુર કરવામાં પણ વેટલેન્ડનો અગત્યનો ફાળો છે.

જલપ્લાવિત વિસ્તારનું સંરક્ષણ એજ તેની સાચી ઉજવણી.....

સંકલન
-હિમાંશુ ઉપાધ્યાય

NEWS OF GANDHINAGAR_P-3

# સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી દ્વારા ઉત્તર ગુજરાતનાં શિક્ષણવિદ માણેકલાલ એમ. પટેલ સાહેબની ૯૪ મી જન્મજયંતિ નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ




'કર ભલા હોગા ભલા' અને 'શિક્ષણ એ જ સાચી સેવા'નાં અભિગમ તથા શિક્ષણ સાથે સામાજીક ઉત્થાનનું કાર્ય કરતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં જેમનો સિંહફાળો રહ્યો છે અને "શિક્ષણ એ જ સાચી સેવા"ના સૂત્રને જીવનમંત્ર બનાવનાર પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબની જન્મ જયંતિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસ - કડી તથા ગાંધીનગરમાં છેલ્લા ૧૨ વર્ષથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે ત્યારે સમાજનાં હિતમાં હરહંમેશ સામાજીક જીવનમાં સારા નાગરિકોનું નિર્માણ કરનાર અને શિક્ષણની સાથે સાથે સમાજ સેવાના અવિરત કાર્ય કરતી સર્વ વિદ્યાલયમાં રક્તદાન મહાદાનની ભાવના સાથે રાષ્ટ્રનાં નાગરિકોને સમયસર રક્ત મળી રહે તે હેતુથી યોજાયેલ અગિયારમી રક્તદાન શિબિરમાં અત્યારસુધીની સૌથી વધુ કડી કેમ્પસ ખાતે ૭૩૧ અને ગાંધીનગર કેમ્પસ ખાતે ૪૧૪ થઈ કુલ ૧૧૪૫ રક્ત યુનિટો એકત્રિત કરવામાં આવેલ હતા.

રક્તદાન દ્વારા એકત્રિત કરેલ રક્ત યુનિટો માનવ કલ્યાણ અર્થે રેડક્રોસ સોસાયટી અને સર્વોદય બ્લડ બેંક ખાતે મોકલી આપવામાં આવેલ હતા. સર્વ વિદ્યાલય પરિવાર વર્ષ ૨૦૧૨ થી લઇ ૨૦૨૩ સુધીમાં કુલ ૧૦૩૬૯ જેટલી રક્તની બોટલો ૧૨ રક્તદાન શિબિરો દ્વારા એકત્રિત કરી માનવ કલ્યાણની સુંદર કામગીરી કરી છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન સાહેબશ્રી વલ્લભભાઈ એમ. પટેલ સંસ્થાના મંત્રીશ્રીઓ ડૉ. મણીભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, ડૉ. આનંદભાઈ પટેલ અને ભગીની સંસ્થાના સર્વે પ્રિન્સીપાલશ્રીઓ રક્તદાનનું પ્રતિક એવા સફેદ અને લાલ ફુગ્ગાને ખુલ્લા આકાશમાં ઉડાડી, દીપ પ્રાગટય કર્યા બાદ રક્તદાતાઓને રક્ત યુનિટની બેગ આપી રક્તદાન શિબિરની શરૂઆત કરી હતી. આ સર્વે આમંત્રિત મહાનુભાવોએ રક્તદાતાઓને પ્રોત્સાહન પુરુ પાડયુ હતું. (સર્વ વિદ્યાલય કેમ્પસ,કડી.)

## પી.પી.જી.એકસપરીમેન્ટલ શાળા પરીવાર, રોટરી ક્લબ પાટણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આચાર્ય શ્રી ધનરાજભાઈ ઠક્કર ના જન્મ દિવસની ઊજવણી બ્લડ ડોનેશન કેમ્પ યોજી કરી



કોરોના કાળના કપરા સમયે દર્દીઓને ભોગવવી પડેલી બ્લડ ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તથા થેલેસેમિયા બાળકીને એકવાર આપેલ બ્લડની પ્રેરણાથી બ્લડ ડોનેશનનું મહત્વ સમજી ૧૬ વર્ષ પહેલાં બ્લડ આપવાની શરૂઆત કરી આજ સુધી દર જન્મદિવસે

ધનરાજ ભાઈ ઠક્કરે બ્લડ ડોનેટ કર્યું છે...

પીપીજી એક્સપેરિમેન્ટલ હાઈસ્કુલ શાળાના આચાર્યશ્રી તથા રોટરી ના સક્રિયસભ્ય , અન્ય સેવાકીય સંસ્થાઓમાં સક્રિય ભાગીદારી એવા રાજયના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક થકી સન્માનીત શ્રી ધનરાજભાઈ ઠકકરે પોતાના જન્મદિવસે શરુ કરેલ પહેલ જન્મદિવસની ઉજવણી બ્લડ કેમ્પ યોજીને જ કરી

સતત ત્રીજા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સમગ્ર શાળા પરિવાર , રોટરી ક્લબ પાટણ અને ભૂત પૂર્વ વિધ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો. શ્રી ધનરાજભાઈ ઠક્કરે પણ ૪૦ મી વખત રકતદાન કર્યું તથા શાળા પરિવારના સભ્યો, રોટરી ક્લબ પાટણના સભ્યો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિત મિત્ર વર્તુળ દ્વારા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી તથા ૩૫ યુનિટ બ્લડ ડોનેટ કરી સેવાંજલી આપી હતી. આ શુભ દિવસે શ્રી ધનરાજભાઈ ઠકકરે રક્તદાતાઓનું વિશેષ ગિફ્ટ થકી તથા તમામ ઉપસ્થીત શુભેચ્છકોને ચકલીના માળા ગિફ્ટ આપીને પર્યાવરણ જતનનો સુંદર સંદેશ પાઠવ્યો હતો . આ જ દિવસે પર્યાવરણ પ્રેમી નિલેશભાઈ રાજગોરે આપેલ પવિત્ર વૃક્ષ એવી બોરસલી થકી વૃક્ષા રોપણ પણ કર્યું હતું . આ કાર્યક્રમ અંતર્ગત NGES કેમ્પસના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. જે. એચ. પંચોલી સર, રોટરી ક્લબ ટ્રેનર

તેમજ ખૂબ જ સેવાભાવી, મહેનતુ અને કર્મનિષ્ઠ એવા રો. શ્રી બાબુભાઈ પ્રજાપતિ.,જયરામભાઇ પટેલ , . ઘેમરભાઈ દેસાઇ રણછોડભાઈ પટેલ , રિલાયન્સ ફાઉન્ડેશન ના મુકેશભાઈ દેસાઈ , નગર સેવક શ્રી મનોજભાઈ પટેલ, નગરસેવક જયેશભાઈ પટેલ, , નીતિનભાઈ પટેલ , વિનોદભાઇ જોષી, પરેશભાઈ પટેલ , અતુલભાઈ પટેલ , શૈલેષભાઈ સોની , વિનોદભાઈ સુથાર, નૈતિક પટેલ , ઝેડ. એન. સોઢા ઉપસ્થીત રહીને કાર્યક્રમની શોભા વધારીને સુંદર પ્રેરણા આપવા બદલ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આચાર્ય લોકેશજીએ "ભદંત આનંદ કૌશલ્યાયન હિન્દી સેવા સન્માન સમારોહ"ને સંબોધન કર્યું

**ભદંત આનંદ કૌશલ્યાણ એક મહાન સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રી તેમજ સંત હતા - આચાર્ય લોકેશજી અમેરિકાના ડો. અનિલ વી. શાહ સહિત અનેક હસ્તીઓને 'ભદંત આનંદ કૌશલ્યાણ હિન્દી સેવા સન્માન'થી નવાજવામાં આવ્યા હતા.**




વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડો.લોકેશજીએ ઈન્ટરનેશનલ યુથ હોસ્ટેલ, ચાણક્યપુરી, નવી દિલ્હીના કોન્ફરન્સ હોલમાં ભદંત આનંદ કૌસલ્યાણ હિન્દી સેવા સન્માન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન બુદ્ધિસ્ટ કલ્ચરલ ફાઉન્ડેશન, ઈન્ડિયા દ્વારા સોસાયટી ફોર હેલ્થ એન્ડ એમ્પાવરમેન્ટ ઓફ વુમન અને લોક કલા પરિષદના સહયોગથી કરવામાં આવ્યું હતું. આચાર્ય લોકેશજીએ કહ્યું છે કે ભદંત આનંદ કૌશલ્યાણ મહાન સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રી તેમજ સંત હતા. તેમણે કહ્યું કે તેમના વ્યક્તિત્વમાં બહુમુખી પ્રતિભાનો અદભુત સમન્વય જોવા મળે છે. આવા વ્યક્તિત્વો સદીઓ અને સદીઓમાં પ્રસંગોપાત જન્મ લે છે. આ પ્રસંગે આચાર્ય લોકેશજી એ હિન્દી ભાષાના પ્રચાર અને વિસ્તરણમાં તેમના વિશેષ યોગદાન બદલ પાંચ હિન્દી કાર્યકરોનું સન્માન કર્યું - અમેરિકાના ડૉ. અનિલ વી. શાહ, સેન્ટ્રલ ક્રાફ્ટ્સ મ્યુઝિયમ અને હેન્ડીક્રાફ્ટ એકેડેમીના વરિષ્ઠ નિયામક સોહન કુમાર ઝા, ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા શ્રી ગોપાલ કુમાર અગ્રવાલ, ઉત્તર પ્રાદેશિક કાર્યાલયના માનવ સંસાધન વિકાસ વિભાગના વડા, રાષ્ટ્રીય હિન્દી માસિક સામયિક પત્રિકા - રાજમાયા અને મૂલ્યાંકન સાપ્તાહિકના જૂથ સંપાદક વી. રાજ બાબુલ અને ઉત્તરાખંડના જાણીતા સામાજિક કાર્યકર શ્રીમતી રોશની ચમોલીનું ભદંત આનંદ કૌશલ્યાયન હિન્દી સેવા સન્માન-૨૦૨૩ થી સન્માન કરવામાં આવ્યું હતું. આ તમામ હિન્દી સેવકોને સન્માનપત્ર અને સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યું હતું. નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય શ્રીમતી વિશાખા શૈલાનીએ સમારોહની અધ્યક્ષતામાં જણાવ્યું હતું કે ભગવાન બુદ્ધના જ્ઞાનનો ફેલાવો કરીને જ સમગ્ર વિશ્વમાં શાંતિ જાળવી શકાય છે. તેમણે કહ્યું કે, આ માટે આપણે યુવા પેઢીને ભગવાન બુદ્ધના ઉપદેશો વિશે વધુ જાગૃત કરવા પડશે, તો જ આપણે આપણા દેશને આગળ લાવી શકીશું. સમારોહમાં મુખ્ય મહેમાનનું સ્વાગત કરતાં બુદ્ધિસ્ટ કલ્ચરલ ફાઉન્ડેશન, ઈન્ડિયાના પ્રમુખ ભંતે દીપાંકર સુમેધોએ ભદંત આનંદ કૌશલ્યાણના જીવન વિશે વિસ્તારપૂર્વક જણાવ્યું હતું કે આપણી વર્તમાન પેઢીના લેખકોએ પણ આવા મહાન સાહિત્યકારોના વ્યક્તિત્વ અને કાર્યથી પ્રેરિત થવું જોઈએ. આ હેતુ માટે, ભદંત આનંદ કૌશલ્યાયન હિન્દી સેવા સન્માન એવોર્ડ આ વર્ષ ૨૦૨૩થી શરૂ કરવામાં આવ્યો છે.આ સમારોહમાં સોસાયટી ફોર હેલ્થ એન્ડ એમ્પાવરમેન્ટ ઓફ વુમનના પ્રમુખ શ્રીમતી પ્રીતિ તિવારી અને લોક કલા પરિષદના સચિવ શ્રી સંજીવ કુમાર સહિત મોટી સંખ્યામાં હિન્દી સાહિત્યકારો અને વિદ્વાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કેટલાય મહિનાથી સપનામાં આવતા હતા, મંદિરમાં ખોદકામ કર્યું તો મૂર્તિ મળી, ક્ષણભરમાં દોઢ લાખ રૂપિયા

સંભલ,તા.૧

ઉત્તર પ્રદેશના સંભલમાં ખોદકામ દરમિયાન મંદિર પરિસરમાં ખાટુ શ્યામ ભગવાનની પથ્થરની મૂર્તિ બહાર આવી છે. આ પછી મંદિરમાં વિસ્તારના લોકોની ભીડ એકઠી થઈ રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે બાબા ખાટુ શ્યામનું માથું અને ત્રણ તીર પથ્થર પર બનેલા છે. લોકોએ જણાવ્યું કે અત્યાર સુધીમાં લોકોએ મંદિરના નિર્માણ માટે દોઢ લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ પથ્થરના દર્શન કરવા માટે લોકો દૂર-દૂરથી આવી રહ્યા છે. નોટો ઓફર કરવામાં આવી રહી છે. મંદિરના પૂજારીએ સ્વપ્નમાં ખાટુશ્યામ બાબાનું માથું જોયું હતું.

આ પછી તેણે સ્વપ્નમાં જોયેલી જગ્યા પર ખોદકામ કરાવ્યું. હવે ખાટી સાંજના પોકારો છે. લોકોનું કહેવું છે કે હવે અહીં ખાટુ શ્યામનું વિશાળ મંદિર બનાવવામાં આવશે. આ મામલો ઉત્તર પ્રદેશના સંભલ પોલીસ સ્ટેશનના બહજોઈ જિલ્લાના ફતેહપુર સમસોઈ ગામનો છે.

અહીં ગામમાં જ સિદ્ધ સમાધિ બાબાનું પ્રાચીન નિવાસસ્થાન છે. ગામના નિવાસી મંદિરના પૂજારી પ્રદીપ મિશ્રાને ઘણા મહિનાઓથી ખાટુ શ્યામ બાબાના સપના આવતા હતા.

પ્રદીપ મિશ્રાએ જણાવ્યું કે તેઓ ખાટુ શ્યામ બાબાને પહેલા ઓળખતા ન હતા. ક્યાંક ખાટુ શ્યામ બાબાની ચર્ચા થઈ રહી હતી તો પ્રદીપ મિશ્રાએ ખાટુ શ્યામની નિંદા કરી હતી. તે જ રાતથી સૂતી વખતે તેણે સ્વપ્નમાં એક કપાયેલું માથું જોવાનું શરૂ કર્યું. લગભગ ૩ મહિના સુધી મંદિરના પૂજારી પ્રદીપ મિશ્રાને સતત આ સપનું આવવા લાગ્યું. આ સ્વપ્નથી પરેશાન થઈને પ્રદીપ મિશ્રા મેલીવિદ્યા અને મેલીવિદ્યાની જાળમાં ફસાઈ ગયા. પછી એક દિવસ તે કોઈ પૂર્ણ ગિરી બાબાને મળ્યા. આ પછી તેણે પ્રદીપ મિશ્રાને કહ્યું કે તારા પર કોઈ જાદુ નથી થયો.

તમે જે મંદિરમાં પૂજા કરો છો, તે મંદિરના પ્રાંગણમાં ખાતુ શ્યામનું માથું દફનાવવામાં આવે છે. તેને બહાર લઈ જાઓ અને તેની સેવા કરો, તેથી પ્રદીપ મિશ્રાએ ગામલોકોને ભેગા કર્યા અને ૩૦મી જાન્યુઆરીએ તે જગ્યા ખોદવી. લગભગ પાંચ ફૂટ ખોદ્યા પછી ત્યાંથી એક પથ્થર નીકળ્યો, જેને લોકોએ ભગવાન ખાટુ શ્યામ તરીકે સ્વીકાર્યો. આ સાથે જ સ્થાનિક ગ્રામજનોએ ખોદકામનો વીડિયો પણ બનાવ્યો છે. ખોદકામ દરમિયાન પથ્થર જોતાની સાથે જ ગ્રામજનોએ 'ખાટુ શ્યામની જય' ના નારા લગાવ્યા હતા અને તેને જોતા જ લોકોના ટોળા શ્રદ્ધાથી એકઠા થવા લાગ્યા હતા.

પત્થરને ભગવાને ખાટુ શ્યામ સમજીને તેને પાણી, દહીં અને દૂધથી સ્નાન કરાવ્યું અને તે જ જગ્યાએ તે પથ્થરને રાખીને તેના પર તંબુ લગાવીને તે જગ્યાને અસ્થાયી મંદિર બનાવી દીધું.

શ્યામનો પ્રસાદ તૈયાર કરીને દર્શનાર્થે આવતા ભક્તોમાં વહેંચવામાં આવી રહ્યો છે. હવે ગ્રામજનોનું કહેવું છે કે ભલે તેમણે લોકો પાસેથી દાન વસૂલવું પડે. હવે અહીં ખાટુ શ્યામનું મંદિર બનશે. કેટલાક લોકોએ ૨૦ વર્ષથી મંદિરની સેવા કરી રહેલા પૂજારી પ્રદીપ મિશ્રાને મંદિરના નિર્માણ માટે લાખો રૂપિયાનું દાન આપવાની વાત કહી છે.

# બજેટ એ આર્યભટ્ટના 'શૂન્ય'ને પણ શરમાવે તેવું : કોંગ્રેસ

અમદાવાદ,તા.૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૩-૨૪ નું બજેટ એ માત્ર ભાષણ જ દેખાઈ રહ્યું છે. કોઈ સચોટ આંકડાકીય માહિતી આપવામાં આવી નથી બજેટની અંદર લોંગ ટર્મ પ્રવચન કહીને માત્રને માત્ર ઠાલા વચનો આપવામાં આવ્યા છે.

દેશમાં અત્યારે સૌથી વધારે મહત્વનો પ્રશ્ન એ મોંઘવારી છે અને એ જ પ્રમાણે બીજો મહત્વનો પ્રશ્ન બેરોજગારી છે. મોંઘવારીને નિવારવા માટે કોઈપણ પ્રકારનું નક્કર આયોજન કરવામાં નથી આવ્યું. જીએસટીના સ્લેબમાં કોઈપણ ઘટાડો કરવામાં નથી આવ્યો. પેટ્રોલ ડીઝલના ભાવ કઈ રીતે ઓછા થાય એની કોઈ ચર્ચા કરવામાં નથી આવી. એ જ પ્રમાણે કઈ રીતે રોજગાર સર્જવામાં આવશે અને બેરોજગારોને રોજગારી મળશે તેના નક્કર આંકડાનું કોઈ આયોજન દર્શાવવામાં નથી આવ્યું. આ સંપૂર્ણ બજેટ એ જાણે ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ હાઉસ માટે બનાવવામાં આવ્યું હોય એવા પ્રકારનું દ્રશ્ય દેખાઈ રહ્યું છે.ઈક્રમટેક્સ સ્લેબમાં પણ ચતુરાઈથી જાહેરાત કરવામાં આવી છે હકીકતમાં જોવા જઈએ તો અઢી લાખ સુધી જે ઈક્રમટેક્સની મર્યાદા હતી એ ત્રણ લાખ કરવામાં આવી છે એટલે કે માત્ર ૫૦,૦૦૦ રૂપિયા ઈક્રમટેક્સમાં સ્લેબમાં વધારો કરવામાં આવ્યો છે. ૫૦,૦૦૦ નો સ્લેબમાં વધારો એટલે એના પાંચ ટકા માત્ર ૨૫૦૦ રૂપિયાનો ઈક્રમટેક્સ ભરનારને ફાયદો થાય પરંતુ જાહેરાત સાત લાખ રૂપિયા સુધીના ટેક્સમાં નીલ રિટર્ન આવશે તેવી કરવામાં આવી છે. પરંતુ તેની અંદર એ કન્ડિશન રાખવામાં આવી છે કે તમે જો બચતનું અને બાકીનું બધું પબ્લિક પ્રોવિડન્ટ ફંડની અંદર એલ.આઇ.સી. ની અંદર અને મેડીક્લેમમાં રોકાણ કરો તો તમને સાત લાખ સુધીની આવકનો બેનિફિટ મળશે.આમ, નિર્મલા સીતારામનનું બજેટ એ કન્ફ્યુઝિંગ બજેટ છે ખેડૂતો માટે એમની આવક વધે એના માટે કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી. એમ.એસ.પી. ની કોઈ ગેરંટી આપવામાં નથી આવી. નાના અને મધ્યમ ઉદ્યોગો એમ.એસ.એમ.ઈ. કે જે દેશના ગ્રોથ એન્જિનની સૌથી મોટી જવાબદારી છે તેના માટે કોઈ જ જાહેરાત કરવામાં નથી આવી, માત્રને માત્ર 'અમૃત કાળ', 'સપ્ત ઋષિ' જેવા નામો ચર્ચામાં લાવીને જનતાને સપના જ બતાવવામાં આવ્યા છે.આ બજેટ એ આર્યભટ્ટના '૦' ને પણ શરમ આવે તેવું બજેટ છે, કેન્સરના દર્દીને ઓપરેશન કરવાના બદલે એન્ટિબાયોટિક દવા આપીને થોડા સમય માટે રાહત મળે એમ માત્ર ભાષણ સાંભળીને જનતાને બે ઘડી આનંદ મળશે પરંતુ નક્કર આયોજનનો સદંતર અભાવ દેખાઈ રહ્યો છે.

# ભારત-ઓસ્ટ્રેલિયાએ ૭ ફેબ્રુઆરીએ કેનબેરામાં શરૂ થનારા નવા સંરક્ષણ કાર્યક્રમની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૧

ભારત-ઓસ્ટ્રેલિયા ઈન્સ્ટિટ્યૂટે નવા સંરક્ષણ કાર્યક્રમની જાહેરાત કરી છે. તેને ૭ ફેબ્રુઆરીએ કેનબેરામાં લોન્ચ કરવામાં આવશે. આ કાર્યક્રમનું નેતૃત્વ સુરક્ષા અને ભૂ-રાજનીતિના નિર્દેશક ડેવિડ બ્રેવસ્ટર કરશે.ઓસ્ટ્રેલિયાના નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાન રિચાર્ડ માર્લેસ સભાને સંબોધન કરશે. ઓસ્ટ્રેલિયાએ ટ્વીટ કરીને કહ્યું કે સુરક્ષા કાર્યક્રમ સુરક્ષા, રક્ષા, વિદેશ નીતિ અને બંને દેશો માટે મહત્વપૂર્ણ રણનીતિક બાબતો તેમજ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભૂ-રાજકીય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિસ્તૃત વ્યૂહાત્મક ભાગીદારી અને ૨ ૨ મંત્રીમંડળીય સંવાદ અંતર્ગત બંને દેશોએ એક સ્થિર, શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સર્વસમાવેશક પ્રદેશનું નિર્માણ કરવા તથા બહુપક્ષીય સંસ્થાઓની અંદર સંરક્ષણ સુરક્ષા સહકાર વધારવાનો સંકલ્પ કર્યો હતો.

# આસારામને ગાંધીનગર કોર્ટમાં ચાલતા દુષ્કર્મ કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી

ગાંધીનગર,

આસારામને ગાંધીનગર કોર્ટમાં ચાલતા દુષ્કર્મ કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે આ અગાઉ જોધપુર કોર્ટે પણ આજીવન કેદની સજા ફટકારી હતી. સુરતની એક મહિલાએ ૨૦૧૩માં આસારામ સામે દુષ્કર્મની ફરિયાદ દાખલ કરાવી હતી ત્યારબાદ, ગાંધીનગર સેશન્સ કોર્ટ દ્વારા ગઈકાલે આસારામને દોષી જાહેર કરવામાં આવ્યો હતો અને આજે આસારામને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. ગાંધીનગર સેશન્સ કોર્ટ દ્વારા આસારામને દુષ્કર્મ કેસમાં દોષી ઠેરવ્યા બાદ આજે સજા આપવામાં આવી, જેમા કલમ ૩૭૬ હેઠળ આજીવન કેદ, ૩૭૭ હેઠળ આજીવન કેદ, ૩૫૪ હેઠળ ૧ વર્ષ, ૩૪૨ હેઠળ ૬ મહિના, ૩૫૭ હેઠળ ૧ વર્ષ અને ૫૦૬ (૨) હેઠળ ૧ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

આસારામને સુરતની બે યુવતીઓ પર દુષ્કર્મના કેસમાં કાલે દોષી જાહેર કરવામાં આવ્યો હતો અને આજે સજા ફટકારવામાં આવી છે. ગાંધીનગર સેશન્સ કોર્ટે આસારામ ઉપરાંત અન્ય ૬ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ૬ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ આસારામ વિરુદ્ધ સુરતની બે યુવતીઓએ દુષ્કર્મની ફરિયાદ દાખલ કરાવી હતી. આ બંને યુવતીઓએ ૨૦૦૧માં થયેલા દુષ્કર્મની ફરિયાદ ૨૦૧૩માં નોંધાવી હતી, જેમા આસારામ સાથે અન્ય છ લોકોને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. છેલ્લાં ૯ વર્ષોથી ચાલતા આ કેસમાં ગાંધીનગર સેશન્સ કોર્ટે આજે સજા સંભળાવી છે.

દુષ્કર્મના આ કેસમાં આસારામ ઉપરાંત તેની પત્ની અને પુત્રી સહિત કુલ ૬ આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા છે. આસારામના વકીલ સીબી ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ રેપ કેસમાં ૨૦૧૪માં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી, જેમા ૭ લોકોને આરોપી દર્શાવવામાં આવ્યા હતા. જેમાંથી એક આરોપી અખિલને પ્રોસિક્યુશને સાક્ષી બનાવ્યો હતો.

જયારે બાકીના ૬ આરોપીઓ આસારામના પત્ની, તેની દીકરી અને આશ્રમના ચાર મહિલા વ્યવસ્થાપકોને મુક્ત કરવામાં આવ્યા છે. સાથે જ આસારામના વકીલે સેશન્સ કોર્ટના ચુકાદા વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ કરવાની વાત કરી હતી.બળાત્કારની પીડિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં તેણે કહ્યું હતું કે, ગુરુપૂર્ણિમા વખતે તેને વક્તા તરીકે પસંદ કરવામાં આવી હતી.

ત્યારબાદ તેને આસારામના ફાર્મહાઉસ શાંતિવાટિકા બોલાવવામાં આવી હતી. જયાં આસારામે તેને હાથ-પગ ધોઈને અંદર બોલાવી હતી અને બાદમાં ઘીની વાટકી મંગાવી માથામાં માલિશ કરવા કહ્યું હતું. માલિશ કરતી વખતે આસારામે અડપલાં શરૂ કરતા ભોગ બનનારે ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે આસારામે જેટલું જલ્દી સમર્પણ કરશે એટલું આગળ વધશે તેવુ કહી બળજબરીપૂર્વક બળાત્કાર કર્યો હતો અને અપ્રાકૃતિક સેક્સ પણ કર્યું હતું. ત્યારબાદ ધમકી આપી ત્યાંથી મોકલી આપી હતી.આસારામને અન્ય એક દુષ્કર્મના કેસમાં પણ સજા સંભળાવવામાં આવી હોવાથી હાલ તે જોધપુર જેલમાં બંધ છે. ગાંધીનગર કોર્ટમાં તેની સામે ચાલી રહેલા કેસ દરમિયાન તેને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રાખવામાં આવતો હતો. આસારામ દુષ્કર્મ કેસમાં દસ વર્ષથી જેલમાં બંધ છે. થોડાં સમય પહેલા તેણે જામીન માટે અરજી પણ કરી હતી પરંતુ, કોર્ટે તેની જામીન અરજી નકારી દીધી હતી.

# ૧૨૦૦ પાનાની ચાર્જશીટ

૪ દિવસ અગાઉ ૨૭મી જાન્યુઆરીએ મોરબીની સેશન્સ કોર્ટમાં પોલીસ દ્વારા ૧૨૦૦ પાનાંની ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં આ કેસમાં ૯ લોકોની ધરપકડ થઈ છે. મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં ઓરેવા કંપનીના એમડી જયસુખ પટેલનું નામ ચાર્જશીટમાં આરોપી તરીકે ઉમેરવામાં આવ્યું છે. જયસુખ પટેલે આ મામલે કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલી છે. જેની સુનવણી ૧લી ફેબ્રુઆરીના રોજ થવાની હતી પરંતુ તે પહેલાં જ તેણે સરેન્ડર કર્યું છે. મોરબી ઝૂલતો પુલ દુર્ઘટનાને ૩ માસ જેટલો સમય વીત્યો છે ત્યારે ઝૂલતો પુલ દુર્ઘટનાને પગલે તાજેતરમાં પોલીસે કોર્ટમાં ૧૨૬૨ પાનાંની ચાર્જશીટ રજુ કરી હતી જે ચાર્જશીટ રજુ કરવામાં આવ્યા બાદ આજે કેસ અંગે પ્રથમ સુનાવણીમાં તમામ આરોપીને ચાર્જશીટની એક એક નકલ આપવામા આવી હતી અને કેસની વધુ સુનાવણી તા. ૦૧ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાઈ તે પહેલા ઓરેવા કંપનીના માલીક જયસુખ પટેલ આજે મોરબી કોર્ટ સમક્ષ હાજર થઈ ગયા હતાં. પરિણામે કોર્ટમાંથી પોલીસે તેની અટકાયત કરી હતી. મોરબી ઝૂલતો પુલની ગોઝારી દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ માનવ જિંદગી હોમાઈ ગયા બાદ પોલીસે ગુનો ઓરેવા ગૃપના મેનેજર સહીત નવ આરોપીને ઝડપી લીધા હતા અને ગુના અંગે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી જે ચાર્જશીટમાં ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલનું નામ ભાગેડુ આરોપી તરીકે ઉમેરવામાં આવ્યું હતું તો ચાર્જશીટ રજુ થયા બાદ આજે પ્રથમ સુનાવણી મોરબીની કોર્ટમાં થઇ હતી જેમાં તમામ નવ આરોપીને હાજર રાખવામાં આવ્યા હતા અને તમામ આરોપીને ચાર્જશીટની એક એક નકલ આપવામાં આવી હતી અને હવે વધુ સુનાવણી ૧ તારીખે હાથ ધરવામાં આવનાર હતી. પરંતુ આજે બપોરે ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ જયસુખ પટેલ હાજર થઈ ગયા હતાં.

ઝૂલતો પુલ દુર્ઘટનાની એફઆઈઆરમાં ઓરેવા ગ્રુપના એમડીનું નામ દાખલ કરવામાં આવ્યું ના હતું અને કોર્ટમાં ચાર્જશીટ રજુ થઇ તેમાં જયસુખ પટેલને ભાગેડુ આરોપી દર્શાવ્યા છે જેઓએ મોરબી કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે જેની સુનાવણી પણ તા. ૦૧ ફેબ્રુઆરીના થનાર હતી.

આગોતરા જામીન અંગે પહેલી ફેબ્રુઆરીએ સુનાવણી

અગાઉ આ દુર્ઘટના મામલે ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. પહેલી ફેબ્રુઆરીના રોજ તેમની આગોતરા જામીન અરજી મંજુર કરાય છે. કે પછી તે પૂર્વે જ તેમની ધરપકડ કરવામાં આવે છે તે હજી નક્કી નથી. આજે આગોતરા જામીન અરજી પર મોરબીની સેસન્સ કોર્ટમાં સુનાવણી હતી. આ સુનવણીમાં પોલીસ દ્વારા મુદત માંગવામાં આવતા તેને ધ્યાને લઈ કોર્ટે આગામી સુનવણી પહેલી તારીખ પર રાખી છે.

ચાર્જશીટની સાથે નામ ઉમેરાયું :

મોરબી ઝૂલતો પુલના મેન્ટેનન્સ અને મેનેજમેન્ટની જવાબદારી ઓરેવા ગ્રુપને આપવામાં આવી હતી અને ઝૂલતો પુલનું રીનોવેશન કરવામાં આવ્યા બાદ પાંચ દિવસમાં જ ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો. જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા. જે બનાવ મામલે મૃતકોના પરિવારો દ્વારા ઓરેવા ગ્રુપના એમડી જયસુખ પટેલ સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. જોકે ઝૂલતો પુલ દુર્ઘટના મામલે થયેલી ફરિયાદમાં તેમનું નામ આરોપી તરીકે મુકવામાં આવ્યું નહતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4